RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સુવિચાર

ભૂખ લાગે ત્યારે ખાવું તે પ્રકૃતિ, પારકાનું પડાવીને ખાવું તે વિકૃતિ, ભૂખ્યા રહીને બીજાને ખવડાવવું તે સંસ્કૃતિ...

કોર્ટના નીવૃત કલાર્કને દિલ્હી કાઇમ બ્રાન્ચની ઓળખ આપી ૩.૮૮.૫૦ લાખ સાયબર ગઠીયાઓએ પડાવ્યા P-4

Year-16, Issue-116 ■ DATE : 25-08-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

વડાપ્રધાન મોદી આજે અમદાવાદમાં: ૩.૫૪૦૦ કરોડના પ્રોજેકટોનું લોકાર્પણ

સભા સ્થળ સુધી ભવ્ય રોડ શોઃ કાલે હાંસલપુર ખાતે મારૂતી કંપનીના પ્લાન્ટ ખાતે બે ઐતિહાસિક પ્રોજેકટનો પ્રારંભ કરાવશે

મુખ્ય સમાચાર, અમદાવાદ

વડાપ્રધાન મોદી આજે સાંજે બે દિવસીય ગુજરાત મુલાકાતે આવશે. આ દરમિયાન તેઓ અમદાવાદ સહિત રાજ્યભરમાં ૫૪૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. આ યોજનાઓમાં રેલ્વે, રોડ, શહેરી વિકાસ, વીજળી અને ઓટોમોબાઈલ ક્ષેત્રના મુખ્ય પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન મોદીના સ્વાગત-સત્કાર માટે વહીવટી તંત્ર અને ભાજપ સંગઠને તૈયારીઓ પૂરી કરી દીધી છે. વડાપ્રધાન એરપોર્ટ ખાતે આવીને સીધા જ નિકોલ ખાતે ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર જાહેરસભાને સંબોધવા માટે રવાના થશે. જાહેરસભા બાદ વડાપ્રધાન ગાંધીનગર રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરશે અને મંગળવારે બેચરાજી-માંડલ ખાતે હાંસલપુર ખાતે આવેલા મારૂતી કંપનીના ઈલેક્ટ્રીક વ્હીકલ પ્લાન્ટનું લોકાર્પણ કરશે. ત્યાંથી અમદાવાદ એરપોર્ટ પરત ફરી વડાપ્રધાન નવી દિલ્હી તરફ જવા રવાના થશે. આ સમયમાં વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના આગેવાનો સાથે બેઠક યોજી શકે તેવી શકયતાઓ છે. જોકે, આ બધાનો આધાર વડાપ્રધાનની વ્યસ્તતા પર નિર્ભર રહેશે.

વડાપ્રધાન મોદી સોમવારે સાંજે પાંચ વાગ્યા પછી નવી દિલ્હીથી આવી પહોંચશે. અહીં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રમુખ સી.આર. પાટીલ સહિતના આગેવાનો દ્વારા સ્વાગત કરાશે. વડાપ્રધાન એરપોર્ટથી આઈકોનિક રોડથી ઈન્દિરા બ્રિજ થઈને રિંગ રોડથી નરોડા પહોંચશે. અહીં હરીદર્શન સર્કલથી યુનિયન બેંક ચાર રસ્તાથી મેંગો થિયેટર ચારરસ્તા થઈને સભા સ્થળના દોઢ કિમીનો રોડ શો યોજનાર છે. ખોડલધામ ગ્રાઉન્ડથી વડાપ્રધાન અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને પાટણ જિલ્લા માટેના રૂ.૫૫૦૦ કરોડના પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આજે સાંજે ૬ વાગ્યે પીએમ મોદી અમદાવાદના ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે જાહેર સભા કરશે. આ દરમિયાન તેઓ અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

૨૬ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી અમદાવાદના હાંસલપુરમાં સુઝુકી મોટર પ્લાન્ટ પહોંચશે. અહીં તેઓ હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્ઘાટન કરશે અને ૧૦૦ થી વધુ દેશોમાં (યુરોપ અને જાપાન સહિત) સુઝુકીની પ્રથમ વૈશ્વિક ઇલેક્ટ્રિક કારની નિકાસ શરૂ કરશે. આ પ્રસંગે પીએમ મોદી સભાને પણ સંબોધિત કરશે.

રેલ્વે ક્ષેત્રમાં, પીએમ મોદી ૧૪૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, જેમાં મહેસાણાપ્રપાલનપુર રેલ્વે લાઇન (૬૫ કિમી, ૫૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ)નું ડબલિંગ અને કલોલપ્રકડીપ્રકટોસણ રોડ (૩૭ કિમી) અને બિચરાજી-રનુજ (૪૦ કિમી) રેલ લાઇન (૮૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ)નું ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કટોસણ રોડથી સાબરમતી સુધી પેસેન્જર ટ્રેન સેવા અને બિચરાજીથી કારથી ભરેલી માલગાડી સેવા શરૂ થશે, જે મુસાફરો અને ઉદ્યોગપતિઓને મોટી સુવિધા આપશે અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવશે. માર્ગ અને કનેક્ટિવિટી.

રસ્તા અને કનેક્ટિવિટી સુધારવા માટે, પ્રધાનમંત્રી મોદી વિરમગામ-ખુદાદ-રામપુરા રોડ પહોળો કરવાનું ઉદ્ઘાટન કરશે. આ સાથે, અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર છ લેનવાળા અંડરપાસ અને અમદાવાદપ્રવિરમગામ રોડ પર રેલ્વે ઓવરબ્રિજનો શિલાન્યાસ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સ ટ્રાફિક જામની સમસ્યા ઘટાડશે અને રાજ્યમાં કનેક્ટિવિટી મજબૂત બનાવશે.

ઊર્જા ક્ષેત્રમાં, પીએમ મોદી રૂ. ૧૦૦૦ કરોડથી વધુના ઉત્તર ગુજરાત વીજળી કંપની લિમિટેડ () ના પાવર વિતરણ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ વીજ પુરવઠાને આધુનિક બનાવશે અને ખરાબ હવામાનમાં વીજળી વિક્ષેપની સમસ્યા ઘટાડશે.

વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન શહેરી વિકાસને પણ મોટી ભેટ મળશે. અમદાવાદમાં, રામાપીર નો ટેકરી વિસ્તારની ઝૂંપડપટ્ટીઓનો પીએમ આવાસ યોજના (શહેરી) હેઠળ પુનર્વિકાસ કરવામાં આવશે. આ સાથે, સરદાર પટેલ રિંગ રોડને પહોળો કરવા, શહેરના પાણી અને ગટર વ્યવસ્થાપન સંબંધિત પ્રોજેક્ટ્સ, અમદાવાદ પશ્ચિમમાં નવા સ્ટેમ્પ અને નોંધણી ભવન અને ગાંધીનગરમાં રાજ્ય સ્તરીય ૩ટા સ્ટોરેજ સેન્ટરનો શિલાન્યાસ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સ માત્ર નાગરિક સેવાઓને મજબૂત બનાવશે નહીં પરંતુ ડિજિટલ શાસનને પણ નવી દિશા આપશે.

હંસલપુર ખાતેના કાર્યક્રમને આ પ્રવાસની સૌથી મહત્વપૂર્ણ કડી માનવામાં આવે છે. અહીં પીએમ મોદી સુઝુકીની ઇલેક્ટ્રિક કાર ''-'' ની વૈશ્વિક નિકાસ જ નહીં પરંતુ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ (તોશિબા, ૩ન્સો અને સુઝુકીનો સંયુક્ત પ્રોજેક્ટ) ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનો પણ પ્રારંભ કરશે.

છેલ્લા એક દસકામાં ઈડીનો સપાટોઃ ૪૫૦૦ દરોડામાં ૯૫૦૦ કરોડની રોકડ જપ્ત

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

છેલ્લા દાયકામાં, ભ્રષ્ટાચાર, હવાલા અને મની લોન્ડરિંગ કેસોમાં કાર્યવાહીમાં વધારો થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહીમાં દરોડાની સંખ્યામાં અને રોકડની વસૂલાતમાં અણધાર્યો વધારો થયો છે. સરકારે સંસદમાં આપેલી માહિતી અને ઈડીના ડેટા અનુસાર, મે ૨૦૧૪ થી ઓગસ્ટ ૨૦૨૫ સુધી, તપાસ એજન્સીએ દેશભરમાં ૪,૫૦૦ થી વધુ દરોડા પાડ્યા હતા. આ દરોડામાં ૯,૫૦૦ કરોડ રૂપિયાથી વધુની રેકોર્ડ રોકડ જમ કરવામાં આવી હતી. જોકે, હકીકત એ છે કે ઝ્ર તેની કાર્યવાહી માટે વિપક્ષના નિશાના પર છે. વિપક્ષનો દાવો છે કે મોટાભાગની કાર્યવાહી રાજકીય હેતુઓ માટે વિપક્ષી પક્ષોના નેતાઓ સામે કરવામાં આવે છે. તે જ સમયે, સુપ્રીમ કોર્ટે પણ પદ્ધતિઓનો ઠપકો આપ્યો છે અને એમ પણ કહ્યું છે કે ઈડીતેની મર્યાદા ઓળંગી રહી છે.

શાસન દરમિયાન ઈડીની કાર્યવાહી મર્યાદિત હતી (૨૦૦૪ થી ૨૦૧૪) આ સમયગાળા દરમિયાન, ૨૦૦ થી ૨૫૦ દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ રોકડ વસૂલાત લગભગ ૮૦૦ થી ૯૦૦ કરોડ હતી. તે સમયે ઈડીની પ્રાથમિકતા હવાલા નેટવર્ક અને વિદેશી હૂંડિયામણના ઉલ્લંઘન પર હતી. મોટા પાયે રોકડ જપ્તીના ખૂબ ઓછા કિસ્સાઓ સામે આવ્યા હતા. ૨૦૧૪ પછી... ખાસ કરીને ૨૦૧૯ પછી, રાજકીય અને વ્યવસાયિક સ્થળો પર કરવામાં આવેલી કાર્યવાહીમાં હજારો કરોડ રૂપિયા રોકડ વસૂલવામાં આવી હતી. ૨૦૨૩ માં, છત્તીસગઢ અને ઝારખંડમાં કરવામાં આવેલા દરોડામાં ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની રેકોર્ડ રોકડ મળી આવી હતી, જેણે ઈડીની કાર્યવાહીના ઇતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો હતો. ૨૦૨૩-૨૪ દરમિયાન, ફક્ત પમિ બંગાળ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં મોટી માત્રામાં રોકડ જમ કરવામાં આવી હતી. મોટાભાગની કાર્યવાહીમાં, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ઝારખંડ મુક્તિ મોરચા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા નેતાઓના નામ હેડલાઈન્સમાં રહ્યા હતા.

છેલ્લા દાયકામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરવામાં આવેલી પાંચ સૌથી મોટી જમીઓમાં, ૨૦૨૩માં છત્તીસગઢ અને ઝારખંડમાં કોલસા અને ગેરકાયદેસર ખાણકામ નેટવર્ક પર દરોડામાં ૩૦૦ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ ઉપરાંત, ૨૦૨૨માં પમિ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડમાં શિક્ષણ મંત્રી પાર્થ ચેટર્જીના ઠેકાણાઓ પરથી ૫૦ કરોડ રૂપિયા જમ કરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં ઉત્તર પ્રદેશમાં ખાણકામ કૌભાંડ સંબંધિત દરોડામાં ૪૦ કરોડ રૂપિયા, ૨૦૨૦માં દિલ્હીમાં હવાલા નેટવર્ક પર કાર્યવાહીમાં ૩૫ કરોડ રૂપિયા અને ૨૦૨૪માં ઝારખંડમાં કથિત મની લોન્ડરિંગ કેસમાં ૩૦ કરોડ રૂપિયા જમ કરવામાં આવ્યા હતા.

ફોજદારી કેસમાં ભોગ બનનારના પરિવારજનો પણ અપીલ કરી શકશેઃ સુપ્રિમ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યુ હતું કે જો કોઈ અપરાધમાં આરોપીને છોડી મુકવામાં આવે તો ભોગ બનેલ વ્યક્તિના પરિવારજન પણ તેની સામે અપીલ કરી શકશે. ભારતમાં ફોજદારી સહિતની ટ્રાયલ જે રીતે લાંબો સમય લે છે અને અપીલ સહિતના કારણે અનેક વખત ભોગ બનેલ વ્યક્તિ મૃત્યુ પામે છે તેમ છતાં પણ ચૂકાદો આવતો નથી.

તે જ સ્થિતિમાં આરોપી નિર્દોષ છુટી જાય તો તેની સામે અપીલ થઈ શકતી ન હતી. પરંતુ સર્વોચ્ચ અદાલતે ફોજદારી કાનૂનમાં એક મહત્વના અર્થઘટનમાં જણાવ્યું હતું કે જેમ અપરાધનો ભોગ બનનાર વ્યક્તિને આરોપી નિર્દોષ છુટે તો તેની સામે અપીલ કરવાનો અધિકાર છે તેવો જ અધિકાર તેના કાનૂની વારસદારને પણ મળે છે.

અત્યાર સુધી આ પ્રકારના કેસમાં ફકત ફરિયાદી અથવા તો રાજય સરકારને જ અપીલનો અધિકાર હતો. તે વચ્ચે સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ બી.વી.નાગરત્નાની ખંડપીઠે એક ચૂકાદામાં આ અધિકાર બે પ્રકારના લોકોને આપ્યો છે.

જેમાં એક અપરાધના કારણે ઈજા પામનાર કે

કોઈ નુકશાન સહન કરનાર વ્યક્તિ અને તેના કાનૂની વારસદારને આ પ્રકારનો અધિકાર મળે છે. સર્વોચ્ચ અદાલતે પોતાના ૫૮ પાનાના ચૂકાદામાં જણાવ્યું હતું કે, જેમ અપરાધીને સજા સામે અપીલનો અધિકાર છે તેવો જ અધિકાર ભોગ બનનાર વ્યક્તિના વારસદારોને મળે છે.

સુપ્રિમકોર્ટે આ માટે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૪નું અર્થઘટન કર્યું હતું અને કહ્યું હતું કે કાનૂની વારસદારો આરોપીની અપરાધ મુક્તિ સામે અપીલમાં જઈ શકશે.

ભાજપ શ્રાધ્ધ પહેલા નવા રાષ્ટ્રીય પ્રમુખની નિમણુંક કરશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

લાંબા સમયથી વિલંબમાં રહેલા ભાજપના રાષ્ટ્રીયથી લઈને ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખોની નિયુક્તિમાં હવે સંસદનું ચોમાસુ સત્ર પુરૂ થતા આ પ્રક્રિયા આગળ વધે તેવા સંકેત છે.

ભાજપનો સંગઠન એજન્ડાની સાથે હવે બિહાર ચૂંટણી એજન્ડા પણ પ્રાયોરીટીમાં આવી ગયા છે તો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી તા.૯ સપ્ટેમ્બરના યોજાશે. જો કે પક્ષે તેમાં હવે એનડીએના ઉમેદવાર પી.એસ.રાધાકૃષ્ણનનો વિજય નિશ્ચિત બને તે બાજી ગોઠવી છે અને તા.૯ના સાંજે નવા ઉપરાષ્ટ્રપતિ મળી જશે પણ તે શ્રાદ્ધ પક્ષમાં શપથ લેશે.

હાલમાં જ રાજીનામું આપનાર પુર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ થોડા કલાકો માટે ભાજપને ચિંતામાં મુકી ગયા હતા પણ કોઈ ડેમેજ થાય તે પુર્વે જ પક્ષે ધનખડને રાજીનામું અપાવીને સમગ્ર પ્રકરણનો અંત લાવવામાં આવ્યો હતો. હવે ભાજપ તા.૭ સપ્ટેમ્બરથી શ્રાદ્ધ પક્ષ શરૂ થાય છે તે પુર્વે ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પ્રમુખ નિશ્ચિત કરી લે તેવી શકયતા છે.

પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ હવે વધુ સમય નથી. બિહાર જ નહી ગુજરાત-મહારાષ્ટ્ર જેવા રાજયોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે અને ઉતરપ્રદેશ જેવા રાજયમાં પ્રદેશ પ્રમુખ અંગે જે રીતે દ્વીધા છે તેના કારણે યોગી સરકારના સાથી પક્ષો માને છે કે ભાજપને ભીડવવાનો આ શ્રેષ્ઠ સમય છે.

ગુજરાતમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજયના પ્રવાસે છે અને સાંજે રાજભવનમાં તેઓ મુખ્યમંત્રી સહિત પક્ષના અગ્રણી નેતાઓને મળશે તેવી ચર્ચા છે. બીજી તરફ તા.૭થી જોધપુરમાં આરએસએસની ત્રણ દિવસની સંકલન બેઠક યોજાશે.

જેમાં સંઘના વડા મોહન ભાગવત ઉપરાંત સંઘની તમામ સહયોગી સંસ્થા જેમાં ભાજપનો પણ સમાવેશ તેના સહિત ૩૨ સંગઠનોના પ્રતિનિધિ હાજર રહેશે અને તેમાં ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખ પણ ઉપસ્થિત રહી શકે છે.

હાલના તબકકે અપેક્ષિતમાં જે.પી.નડ્ડાનું નામ છે. સૂત્રો કહે છે આ પુર્વે ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખ નિશ્ચિત થશે. ભાજપ કોઈ રીતે એ સંકેત આપવા માંગતો નથી કે નવા રાષ્ટ્રીય પ્રમુખનું નામ સંઘે નિશ્ચિત કર્યુ છે.

આમ તા.૭ સપ્ટેમ્બર મહત્વની બની ગઈ છે. બીજી તરફ એ પણ સંકેત છે કે દિલ્હીમાં ગુજરાત-યુપી સહિતના ભાજપના પ્રદેશ પ્રમુખોના નામો નિશ્ચિત છે. એક વખત તમામ શેડયુલને લીલીઝંડી મળે કે તુર્તજ તેની જાહેરાત પ્રક્રિયા આગળ વધશે.

સેવન્થ ડે સ્કૂલમાં આજથી ઓનલાઈન શિક્ષણ શરૂ

મુખ્ય સમાચાર, અમદાવાદ

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાના એક અઠવાડિયા બાદ ફરીથી શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જોકે, આ શિક્ષણ કાર્ય હાલ પૂરતું ઓનલાઈન જ શરૂ કરવામાં આવ્યું છે. ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસ શરૂ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે હાલ કોઈ શિક્ષણ કાર્ય શરૂ કરાયું નથી.

વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકારે આ મામલે મોટો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ ખોરવાય નહીં તે માટે વચગાળાના આયોજનની શરૂઆત કરવામાં આવી છે. આ માટે DEO (જિલ્લા શિક્ષણ અધિકારી) કચેરીના ચાર અધિકારીઓની એક ટીમને સ્કૂલમાં ડેપ્યુટ કરવામાં આવી છે. આ ટીમ વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ કરશે અને જે વાલીઓ પોતાના બાળકનો

પ્રવેશ સેવન્થ ડે સ્કૂલમાંથી રદ કરાવીને અન્ય સ્કૂલમાં દાખલ કરવા ઈચ્છતા હશે તો તેમને મદદ કરશે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, હાલમાં સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) વિના પણ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં પ્રોવિઝનલ એડમિશન આપીને તેમનો અભ્યાસ શરૂ કરાવી દેવામાં આવશે. DEO દ્વારા મણિનગર અને તેની આસપાસની શાળાઓને આ અંગે સૂચના પણ આપવામાં આવી છે કે તેઓ સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ આપે. વાલીઓ હવે સીધા કચેરીના અધિકારીઓનો સંપર્ક કરીને તેમના બાળકનું એડમિશન સેવન્થ ડે સ્કૂલમાંથી કઢાવીને અન્ય સ્કૂલમાં મેળવી શકશે. આ પગલાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં તેની ખાતરી કરવામાં આવી છે.

અમદાવાદમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય ૭-૮ વિદ્યાર્થીઓ સાથે મળીને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો કરતા તેને ચપ્પુ મારી દીધું હતું. હકીકતમાં, હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખી આરોપી વિદ્યાર્થીએ સ્કૂલમાંથી છૂટ્યા બાદ ૭-૮ અન્ય વિદ્યાર્થીને ભેગા કરી બદલો લેવા માટે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર ચપ્પાનો વાર કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો અને બાદમાં તેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન હવે વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું.

દેશભરની ખાનગી હોસ્પિટલો અને વિમા કંપનીઓ વચ્ચે વિવાદ વધ્યોઃ બે વીમા કંપનીઓએ કેશલેસ સુવિધા બંધ કરી



મુખ્ય સમાચાર, નવીદિલ્હી

કેશલેસ પોલિસી પર વીમા કંપનીઓ અને હોસ્પિટલો વચ્ચે વિવાદ વધતો જાય છે. દેશભરની ૧૫ હજારથી વધુ ખાનગી હોસ્પિટલોએ બે વીમા કંપનીઓની કેશલેસ સુવિધા એક સપ્ટેમ્બરથી બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ કંપનીઓમાં બજાજ આલીયાજ અને કેર હેલ્થ સામેલ છે.

હોસ્પિટલોનાં સંગઠન એસોસીએશન ઓફ હેલ્થ પ્રોવાઈડર્સ ઈન્ડિયા (એએચપીઆઈ)એ આ જાણકારી આપી છે. તેમનુ કહેવુ છે કે સંબંધિત વિમા કંપનીઓએ સારવારના ખર્ચના દરોની સીમાને બદલી નથી જયારે સારવાર ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે.

આટલુ જ નહિં પેમેન્ટમાં કંપનીઓ દ્વારા બિનજરૂરી વિલંબ કરવામાં આવે છે અને બિનજરૂરી પેપર માગવામાં આવે છે. આથી પોલિસી સાથે જોડાયેલ પેમેન્ટમાં તમામ મુશ્કેલીઓ આવી રહી છે. જેનાથી દર્દીઓને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

એએચપીઆઈના આહવાન પર દેશભરની લગભગ ૧૦ હજાર હોસ્પિટલોએ એક સપ્ટેમ્બરથી કેશલેસ સારવાર દેવાનો ઈન્કાર કર્યો છે. બીજી બાજુ એએચપીઆઈએ કેર હેલ્થને નોટીસ પણ પાઠવી છે કે તે દર્દીઓના કેશલેસ બિલ પેમેન્ટ સાથે જોડાયેલ સમસ્યાઓ પર ચર્ચા કરે, અન્યથા ૧ સપ્ટેમ્બરથી કેશલેસ સારવારની સુવિધા બંધ કરવામાં આવશે.

આ મામલે બજાજ આલીયાજે આશ્ચર્ય વ્યકત કરતા જણાવ્યું હતું કે તે ગ્રાહકોને બહેતર સુવિધા આપવા અને હોસ્પિટલો સાથે મળીને મુદ્દાને હલ કરવાની કોશીશ કરશે. કંપનીએ ભરોસો આપ્યો હતો કે તે એએચપીએફ સાથે મળીને ઉકેલ કાઢશે.

એએચપીઆઈના જનરલ ડિરેકટર ડો.ગિરધર તાનીએ જણાવ્યું હતું કે બન્ને કંપનીઓ કારણ વિના સારવાર ખર્ચ સાથે જોડાયેલા બિલોમાં કપાત કરી રહી છે. દર્દીનાં ડિસ્ચાર્જ થવાના ૬ થી ૭ કલાક બાદ બિલ મંજુર થાય છે. આ મુદ્દે બન્ને કંપનીનાં પ્રતિનિધિઓ સાથે બેઠક નકકી થઈ છે. સમાધાન નહિં નીકળે તો તેમની કેશલેસ સુવિધા બંધ કરી દેવામાં આવશે.

ઓનલાઈન ખરીદીમાં નકલી સામાન ધાબડી દેવાના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

હાલ ઓનલાઈન ખરીદીનું ચલણ ઝડપથી વધી રહ્યું છે. તેના વધતા વિસ્તારથી ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર નકલી સામાનોનું વેંચાણ પણ વધ્યું છે. આ વર્ષના પ્રારંભિક ૬ મહિનામાં છેલ્લા વર્ષની તુલનામાં નકલી સામાનની ફરિયાદો દોઢ ગણી વધી છે.

રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પ લાઈન પર આ વર્ષે ૩૦ જુન સુધીમાં નકલી બોગસ ઉત્પાદનોની ૭૨૨૧ ફરિયાદો નોંધાઈ છે. જયારે વર્ષ ૨૦૨૪ માં ૪૯૯૭ અને ૨૦૨૩ માં નકલી અને બોગસ સામાનની ફરિયાદો માત્ર ૨૨૧૧ હતી.

ઓનલાઈન વેચાણ પર લોકલ સર્વેનાં અનેક રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪ માં ૨૦ ટકા ખરીદનારાને

ઓછામાં ઓછા એકવાર નકલી કે બોગસ ઉત્પાદન મળ્યું છે. નકલી ઉત્પાદનોની સૌથી વધુ ફરિયાદો જૂતા સૌદર્ય પ્રસાધનો અને સુગંધ વગેરે સાથે સંકળાયેલ હતી.

ભારતીય માનક બ્યુરો સમયાંતરે ઈ-કોમર્સ વેબસાઈટનાં ગોડાઉન પર તલાસી અને જમ અભિયાન ચલાવતું રહે છે. આ વર્ષ ખર્ચમાં બીઆઈએસે ઈ-કોમર્સ વેબસાઈટનાં ગોદામોમાંથી ૪ હજારથી વધુ નકલી સામાન જમ કર્યા હતા. જયારે વર્ષ ૨૦૨૪-૨૫ માં ૨૨ તલાસી અને જમી અભિયાન ચલાવવામાં આવ્યા હતા.

ગ્રાહક મામલાનાં વિશેષજ્ઞ શીતલકપુર કહે છે કે ઈ-કોમર્સ વેબસાઈટ પર સૌથી વધુ નકલી લકઝરી બ્રાન્ડનું વેચાણ થાય છે. સરકારે જયાં તેને રોકવા સખ્ત નિયમ બનાવવાની જરૂર છે ત્યાં ગ્રાહકોએ પણ જાગૃત રહેવુ જરૂરી છે.

ઉનામાં આવેલ ગુલિશતા પ્રાથમિક શાળામાં નિરામય કેમ્પનું આયોજન કરાયું

મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ – અબ્દુલ પઠાણ

ઉના શહેરમાં આવેલ ગુલિસ્તા પ્રાથમિક શાળામાં આજે ભવ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં આજુબાજુ વિસ્તારના રહેતા લોકો મોટી સંખ્યામાં લાભ લીધો જેમાં મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહીયા હતા આ કેમ્પમાં મહિલાઓ બાળકો તેમજ મોટી ઉંમરના વડીલોએ પોતાનું ચેકઅપ ડોક્ટરો પાસે કરાવ્યું. જેમાં કાનના ગળાના ડોક્ટર તેમજ મહિલાઓના ડોક્ટર તેમજ અન્ય ડોક્ટરો ની ટીમ હાજર રહી હતી જ્યારે આ કેપમાં ગુલિશતા સ્કૂલ સંચાલક સૈયદ પીર બાપુ તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો માં અબ્બાસ ભાઈ સુમરાણી તેમજ ઓલ ગુજરાત ઘાંચી સમાજ પ્રમુખ યુસુફભાઈ સોરઠીયા તેમજ માસુમભાઈ કાસમણી તેમજ વડીલો મુરબ્બીઓ હાજર રહ્યા હતા અને આ કેમ્પ ના ભરપૂર વખાણ કર્યા હતા જેમાં ૧૦૦ કરતાં વધુ દર્દીઓએ આ કેપ માં લાભ લીધો હતો ફરીવાર આવું આયોજન થાય તેવી શુભકામનાઓ પાઠવતા સમાજના આગેવાનોએ આપી

ઉનામાં વચવંદના કાર્ડ રજીસ્ટ્રેશન તથા વિતરણ કેમ્પ યોજાયો

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ – અબ્દુલ પઠાણ

આજરોજ ઉના શહેરમાં આવેલ વોર્ડ નં.૧માં આવતા ખોડિયાર નગર વિસ્તારના ૭૦ વર્ષની ઉપરના વડીલો તથા સરકાર વય વંદના કાર્ડ રજીસ્ટ્રેશન તથા વિતરણ નો એક કેમ્પ ખોડિયાર નગરમાં આવેલ કોળી જ્ઞાતિના ચોરામાં યોજાયો હતો.ઉનાના કાર્યશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા થયેલ આ પ્રસંશનીય કામગીરીમાં આ વિસ્તારના ૪૦થી વધુ કાર્ડનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉનાના માનનીય ધારાસભ્ય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, ઉના નગરપાલિકાના કારોબારી ચેરમેન ધીરુભાઈ છગ, નગરપાલિકાના સદસ્ય રામજીભાઈ વાજા, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગ, કિરીટભાઈ વાજા, ખોડિયાર નગર વિસ્તારના યુવા આગેવાન ભાવેશભાઈ વાજા તેમજ આરોગ્ય વિભાગનો સ્ટાફ, અર્બન હેલ્થ સેન્ટરનો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જામનગરમાં બ્રાસપાર્ટના કારખાનામાંથી હાઇપ્રોફાઇલ જુગાર ઝડપાયોઃ ૩૪.૪૧ લાખના મુદ્દામાલ સાથે ૭ ઝડપાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેર નજીકના દરેડ ગામે આવેલ જીઆઈડીસી ફેસ-૨માં આવેલ એક બ્રાસપાર્ટના કારખાનામાં એલસીબી પોલીસે જુગારની મહેફીલ પર દરોડો પાડ્યો હતો. જ્યાં જુગારની મોજ માણતા સાત નબીરાઓને ઝડપી લીધા હતાં જ્યારે એક શખ્સ નાસી છૂટ્યો હતો. પોલીસે પોણા ત્રણ લાખની રોકડ, મોબાઇલ અને બે કાર સહિત કુલ રૂા.૩૪.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી મુજબ જામનગર લોકલ કાઇમ બ્રાન્ચીની ટીમે બાતમીના આધારે જામનગર શહેર નજીકના દરેડ ખાતે આવેલ જીઆઈડીસી ફેસ-૨ માં આવેલ મનાલી બ્રાસપાર્ટ નામના કારખાનામાં જામેલી જુગારની મહેફીલ પર દરોડો પાડી જુગારીઓના રંગમાં ભંગ પાડ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમી રહેલાં ધીરજભાઇ રૂડાભાઈ સંધાણી, ભાવેશભાઇ જમનભાઇ દોંગા, વિનુભાઇ બાબુભાઇ દુધાગરા, જયેશભાઇ કિશોરભાઇ ત્રીવેદી, ભગાભાઇ રાણાભાઇ કટારા, નારદભાઇ કેશવભાઇ સંધાણી, ધીરેનભાઇ અમૃતલાલ ગાલીયા નામના સાત શખ્સોને ઝડપી લીધા હતાં. જ્યારે નિકુંજભાઇ પટેલ નામનો શખ્સો નાસી.છૂટવામાં સફળ રહેતાં પોલીસે તેને ફરાર જાહેર કર્યો હતો. પકડાયેલા તમામ શખ્સોના કબજામાંથી પોલીસે રૂા.૨,૭૬,૫૦૦ ની રોકડ તેમજ રકમ રૂ.૬૫૦૦૦ ની કિંમતના સાથ મોબાઇલ ફોન અને રૂા.૩૧૦૦૦૦૦ ની કિંમતની બે કાર સહિત કુલ રૂા.૩૪,૪૧,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે

ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત સાઇકલ રેલી યોજાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જિલ્લા પોલીસ દ્વારા ફિટ ઇન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત ''સન્ડે ઓન સાઇકલ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવાનો અને પર્યાવરણ મિત્ર વાહનોનો પ્રચાર કરવાનો છે.

સાઇકલ રેલીનું પ્રસ્થાન પોલીસ હેડ ક્વાર્ટર ખાતેથી કરવામાં આવ્યું. રેલી જંગલેશ્વર મંદિર રોડ, એસ.ટી.રોડ, સાત રસ્તા થઈને આગળ વધી. ત્યારબાદ શરુ સેક્શન, પંચવટી સર્કલ, પી.એન.માર્ગ અને જી.જી.હોસ્પિટલ સુધી પહોંચી. રેલી ગુરુદ્વારા ચોકડી અને લાલ બંગલો સર્કલથી થઈને જે.એમ.સી. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ પહોંચી. અંતે રણમલ તળાવના ગેટ નંબર ૧ ખાતે રેલી સંપન્ન થઈ.આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, એસપી પ્રતિભા અને નિવાસી કલેક્ટર ભાવેશ ખેર ઉપસ્થિત રહ્યા. ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, જયવીરસિંહ ઝાલા અને મીત રૂડલાલ સહિતના વહીવટી તંત્રના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓએ પણ રેલીમાં ભાગ લીધો. આ રેલી દ્વારા સમાજમાં ફિટનેસનો સંદેશો ફેલાવવા અને લોકોને શારીરિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

જામનગરના દરેડમાં રાંધણગેસના બાટલામાંથી ગેસનું ગેરકાયદેસર રીફીલીંગનું કારસ્તાન ઝડપાયું

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર નજીકના દરેડમાં એસઓજીએ દરોડો પાડી એક શખ્સને રાંધણગેસના બાટલામાંથી ગેરકાયદે રીફીલીંગ કરતો પકડી પાડ્યો છે. તેની પાસેથી ખાલી-ભરેલા ત્રણ બાટલા કબજે કરવામાં આવ્યા છે.જામનગરના દરેડમાં આવેલા શાંતિનગર વિસ્તારમાં એક દુકાન પાસે રાંધણગેસના બાટલામાંથી ગેરકાયદે રીતે રીફીલીંગ કરાતું હોવાની બાતમી પરથી એસઓજીના સ્ટાફે મોબાઈલ ની એક દુકાન પાસે દરોડો પાડ્યો હતો.ત્યાંથી દરેડ ગામમાં વસવાટ કરતો મૂળ ઉત્તર પ્રદેશના પીલીભીત જિલ્લાનો સાજીદ તાહીરમીયા ખાન નામનો શખ્સ રાંધણગેસના બાટલાનું ગેરકાયદે રીફીલીંગ કરતો મળી આવ્યો હતો. તેની પાસેથી ગેસના બે મોટા બાટલા તથા એક નાનો બાટલો, રેગ્યુલેટર, નોઝલ વગેરે કબજે કરવામાં આવ્યા છે. સાજીદ સામે પંચકોશી બી ડિવિઝનમાં ગુન્હો નોંધાવાયો છે.

જામનગર જિલ્લામાં પોલીસ દ્વારા વોરંટ- સમન્સ બજાવવા માટેની સ્પેશિયલ ડ્રાઇવ યોજાઈઃ ૭૧૬ વોરંટની બજવણી કરાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના નવનિયુક્ત જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની કે જેઓ હાજર થયા બાદ તુરતજ એકશન મોડ માં આવી ગયા છે, અને સૌ પ્રથમ ટ્રાફિકની દ્રષ્ટિએ શહેર જિલ્લામાં મેગા ડ્રાઇવ યોજાવી હતી, ત્યારબાદ સમગ્ર જિલ્લામાં વોરંટ-સમન્સ વગેરેની બજવણી કરવા માટેની પણ સ્પેશિયલ ડ્રાઇવ રાખવામાં આવી છે, અને એકી સાથે ૭૧૬ વોરંટ ની બજવણી કરી લેવામાં આવી છે.રાજકોટ રેન્જના આઇજીપી અશોકકુમાર યાદવ ના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા જામનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ પોલીસ ટીમોને ખાસ સુચના આપવામાં આવી હતી, કે જેટલા વોરંટ-સમન્સ વગેરેની બજવણી થઈ ન હોય, તેવા તમામની બજવણી તાત્કાલિક અસરથી કરવામાં આવે, જેના ભાગરૂપે આ મેગા ડ્રાઇવ રાખવામાં આવી હતી.જેમાં ૪૪૯ જેટલા સમન્સની બજવણી કરવામાં આવી હતી, જ્યારે ૧૪૪ જામીન લાયક વોરંટ બજાવી દેવાયા હતા, જ્યારે ૬૮ બિન જામીન લાયક વોરંટની પણ બજવણી કરી લેવામાં આવી હતી. સાથો સાથ ૫૫ વ્યક્તિને નોટિસ પાઠવી દેવાઈ છે, આમ સમગ્ર જિલ્લામાં કુલ ૭૧૬ જેટલા સમન્સ-વોરંટ ની બજવણી કરી લેવામાં આવી છે, અને નવનિયુક્ત એસ.પી. ડો. રવિ મોહન સૈની તેમજ લાલપુરના આઇપીએસ અધિકારી પ્રતિભા ના માર્ગદર્શન હેઠળ સમગ્ર મેગા ડ્રાઇવ યોજાઈ હતી.

રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચ માટે સૌરાષ્ટ્ર-કચ્છના વકીલોના ધામાઃ રણનીતિ ઘડાઈ

જુદા જુદા જિલ્લા તાલુકા બાર એસોસીએશનના પ્રમુખોની બેઠક મળીઃ લડત આગળ ધપાવવા તમામની સહમતી

મુખ્ય સમાચાર, રાજકોટ

સૌરાષ્ટ્રમાં રાજકોટને ફરી હાઇકોર્ટની બેંચ આપવા માગ ઉઠી છે. છેલ્લા ૧૫ દિવસથી રાજકોટ બાર એસોસિએશન દ્વારા આ માગ મુકવામાં આવી છે અને રજૂઆત પણ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજ રોજ રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલી આત્મીય યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાંથી અન્ય શહેર-જિલ્લાના બાર એસોસિએશન સાથે જોડાયેલા હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા અને આ લડતને મજબૂત રીતે આગળ કેવી રીતે વધારવી તે મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આજની આ મિટિંગમાં ૮૦ જેટલા વકીલો ઉપસ્થિત રહ્યા હતા અને બધા સાથે મળી આવતા દિવસોમાં મજબૂત રીતે આ લડત આગળ વધારવા સહમતી દાખવી હતી.

તાજેતરમાં મહારાષ્ટ્રમાં હાઇકોર્ટની બેંચ કોલાપુરને ફાળવવામાં આવ્યા બાદ રાજકોટ બાર એસોસિએશન દ્વારા પણ સૌરાષ્ટ્રની હાઇકોર્ટ બેંચ ફરી શરૂ કરવા માગ કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત એક કમિટી બનાવી અને કાયદાકીય રીતે આ લડત ચલાવવા નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આજરોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ બાર એસોસિએશનને જોડાવવા આહવાન કરવામાં આવ્યું હતું. રાજકોટના કાલાવડ રોડ પર આત્મીય યુનિવર્સિટીના ઓડિટોરિયમ હોલ ખાતે સવારે ૧૧ વાગ્યે આ બેઠક મળી હતી, જેમાં રાજકોટ બાર ઉપરાંત આસપાસના તાલુકા અને સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લામાંથી બાર એસોસિએશન સાથ જોડાયેલા ૮૦ જેટલા વકીલો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી આજે મળેલી બેઠકમાં સૌ લોકોએ રાજકોટને સૌરાષ્ટ્રની હાઇકોર્ટ બેંચ શું કામ આપવી જોઈએ તે અંગે ચર્ચા વિચારણા કરી તેમજ ક્યાં ક્યાં મુદ્દાને આવરી લઇ કોને કોને સાથે રાખી કઈ કઈ જગ્યાએ ક્યારે રજૂઆત કરવી અને શું રજૂઆત કરવી તેમજ કેવી રીતે રજૂઆત કરવી સહિતમાં મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અગાઉ ૧૯૮૩ સમયમાં હડતાળ પણ કરવી પડી હતી એ રીતે આ વખતે જરૂર પડયે ઉગ્ર રજૂઆત કરવી કે કેમ અથવા કાયદાકીય રીતે માંગ કેવી રીતે કરવી તે અંગે ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને અન્ય શહેર જિલ્લામાંથી આવેલા બારના હોદેદારોએ ટેકો જાહેર કરી જરૂર પડયે રાજકોટ બારની સાથે ઉભા રહી સૌરાષ્ટ્રને હાઇકોર્ટની બેન્ચ આપવાની માગ અને લડતમાં જોડાવવા સહમતી દાખવી હતી.

સાંસદસભ્યો અને ધારાસભ્યોને લેખિતમાં રજૂઆત કરી હતી ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ભાજપ લીગલ સેલમાં જોડાયેલા તમામ વકીલ મિત્રો એકત્ર થઇ શહેર કમલમ ખાતે શહેર ભાજપના હોદેદારો તેમજ સાંસદસભ્યો અને ધારાસભ્યોને લેખિતમાં રજૂઆત કરી અમારી માગ સરકાર સુધી પહોંચાડવા રજૂઆત કરી હતી, જેને ભાજપના નેતાઓએ પણ સ્વીકારી સૌરાષ્ટ્રની હાઇકોર્ટ બેંચ રાજકોટને મેળવી જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી સરકારમાં યોગ્ય રજૂઆત કરવા સહમતી દાખવી હતી.

હાઇકોર્ટની સર્કિટ બેંચની માગ ૪ દાયકાઓથી વધુ જૂની સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં હાઈકોર્ટની સર્કિટ બેંચની માગ ચાર દાયકાઓથી વધુ જૂની છે. આ વિસ્તાર ગુજરાતના કુલ વિસ્તારના લગભગ અડધા ભાગને આવરી લે છે અને અહીંથી ગુજરાત હાઈકોર્ટના કુલ કેસોમાંથી ૪૫%થી વધુ કેસ આવે છે. રાજકોટમાં બેંચની સ્થાપના કરવાથી આ વિસ્તારના લોકોને અમદાવાદ જઈને કેસોની સુનાવણી કરાવવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળશે અને ન્યાય પ્રક્રિયા વધુ ઝડપી અને સુલભ બનશે.

સુરેન્દ્રનગરના દસાડામાં ૭ વર્ષની બાળકીને ઉઠાવી જઈ 30 વર્ષીય શખ્સે દુષ્કર્મ આચર્યું

બાળકી રડવા લાગતા ફડાકા પણ માર્યાઃ લોહી લુહાણ હાલતમાં ઘરે આવતા પરિવારને ઘટનાની જાણ થઈ

મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તાલુકાના દસાડા ગામે રહેતા પરિવારની સાત વર્ષીય બાળકીને બાઈક પર ચક્કર મારવાનું કહીને લઈ ગયા બાદ સીમ વિસ્તારમાં આવેલા મંદિર નજીક બાળકીને લઈ ગયો હતો અને ત્યાં આ બાળકી પર ૩૦ વર્ષીય શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. બાળકી રડી રહી હતી ત્યારે પણ આ શખ્સે તેને ફડાકા ઝીંકી દીધા હતાં. બાદમાં ઘરે પહોંચેતા પુત્રીને લોહીલુહાણ હાલતમાં જોઈ માતા પણ ડઘાઈ ગઈ હતી. તેમણે કંઈક અજુગતુ બન્યાનું સમજી તુરંત હોસ્પિટલે ખસેડી હતી. જ્યાં બાળકી પર દુષ્કર્મ થયાની પુષ્ટી થઈ હતી. જે મામલે પોલીસે નરાધમ શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતાં. ત્યારે જાણવા મળ્યા મુજબ આ શખ્સ પોલીસ સકંજામાં સપડાયાનું જાણવા મળી રહ્યું છે.

આ અંગે ફરિયાદમાં જણાવાયા મુજબ ૨૨ ઓગસ્ટના રોજ પીડિતાની માતા અને પિતા બાજુના ગામે મોબાઈલ રિપેરિંગ માટે ગયા હતા. સાંજે પરત ફરતી વખતે માતા-પુત્રી ઈકો ગાડીમાં આવ્યા હતા. આ દરમિયાન માતા અને પુત્રી એક ગામમાં ઉતર્યા હતા. ત્યાંથી આ બાળકીને તે યુવકની બાઈક પર બેસાડી હતી. સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ બાળકીને મેલડી માતાના મંદિર તરફના રસ્તે યુવક લઈ ગયો હતો. ત્યાં તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાળકીના રડવા પર આરોપીએ તેને થપ્પડ પણ મારી હતી. બાળકી રડતી રડતી ઘરે આવી અને માતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. બાળકીના ગુમાંગમાંથી લોહી નીકળતું હોવાથી તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં દસાડા સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે સુરેન્દ્રનગરની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ડોક્ટરોએ બાળકી સાથે દુષ્કર્મ થયાની પુષ્ટિ કરી છે. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. આ અંગે ધ્રાંગધ્રા ડીવાયએસપી જે. ડી. પુરોહિતે જણાવ્યું કે, આ કેસમાં ઝીંઝુવાડા પોલીસ સ્ટેશનમાં પોસ્કો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની અટક પણ કરી લેવામાં આવી છે.

ખૂન કા બદલા ખૂનઃ જૂનાગઢના બેલા ગામે પિતૃવિધિ કરવા આવેલા યુવાનની હત્યા

બે મહિના પહેલાનું વેર વાળવા હુમલો કરાયોઃ બે ને ઈજા

મુખ્ય સમાચાર, જૂનાગઢ

જૂનાગઢના બિલખા નજીક આવેલા બેલા ગામે મહાદેવના મંદિરે પિતૃતર્પણની વિધિ કરવા ગયેલા યુવાન પર દસેક જેટલા શખ્સો ઘાતક હથિયારો વડે તુટી પડ્યા હતા તેને બચાવવા સગો ભાઈ અને પિતરાઈભાઈ બન્ને વચ્ચે પડ્યા હતાં જેના કારણે તેઓને પણ ઈજા થઈ હતી. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ૪૦ વર્ષીય યુવાનનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો છે. કહેવાય છે કે, બે માસ પૂર્વે થયેલા હુમલાનો ખાર રાખી હુમલો કરીને વેર વાળવામાં આવ્યું હતું.

હત્યા મામલે મૃતકના ભાઈ ભાવેશભાઈએ જણાવ્યું કે, ''અમે પિતૃ કાર્યને લઈ પીપળે પાણી છોકરા બાબતે મનદુઃખ થયું હતું, જેને લઈને અગાઉ પણ નાના-મોટી માથાકૂટ થતી હતી. પીવડાવવા માટે ગયા હતા. અહીં મારા ભાઈ પર દિલીપ ગિરધરભાઈ સાંકળિયા, સંજયભાઈ ગિરધરભાઈ સાંકળિયા, જાગૃતિબેન સંજયભાઈ સાંકળિયા, પ્રેમીલાબેન ગિરધરભાઈ સાંકળિયા, દર્શન સંજયભાઈ સાંકળિયા અને જીગર સંજયભાઈ સાંકળિયા સહિત કુલ ૮થી ૯ લોકોએ હુમલો કર્યો હતો. આશરે બે મહિના પહેલાં અમારા વચ્ચેબીઆ જ વાતનું મનદુઃખ રાખીને મારા ભાઈ પર જીવલેણ હુમલો કરી તેને ઈજા પહોંચાડી હતી અને મારી નાખ્યો છે. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અશ્વિનભાઈને તાત્કાલિક સારવાર માટે જૂનાગઢની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને તમામ આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ગુજરાતમાં સિઝનનો ૮૧ ટકાથી વધુ વરસાદ

મુખ્ય સમાચાર, અમદાવાદ

જૂને ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનું આગમન થયું, તે બાદ બે મહિના સુધી મેઘરાજાએ રાજ્યના અલગ-અલગ ભાગોમાં તોફાની બેટિંગ કરી હતી. જો કે ઓગસ્ટ શરૂ થતાં જ વરસાદનું જોર ઘટી ગયું હતો, પરંતુ બંગાળની ખાડીમાં સક્રિય સિસ્ટમના કારણે દસેક દિવસથી ફરીથી મેઘરાજા અલગ-અલગ ભાગોને ઘમરોળી રહ્યા છે. જેના પગલે અત્યાર સુધીમાં ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૮૧.૭૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, અત્યાર સુધી રાજ્યમાં એકંદરે ૭૨૦.૭૮ મિ.મી વરસાદ વરસી ચૂક્યો છે. જે પૈકી ૩૯ તાલુકા એવા છે, જ્યાં ૧૦૦૦ મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ગત વર્ષે સિઝનમાં ૧૨૬૩.૯૦ મિ.મી અર્થાત ૧૪૩.૧૪ ટકા વરસાદ વરસ્યો હતો. જો ઝોન પ્રમાણે વરસાદના આંકડા જોઈએ તો, કચ્છ રીઝનમાં સૌથી વધુ ૮૪.૫૮ ટકા વરસાદ ખાબક્યો છે. આ સિવાય ઉત્તર ગુજરાત ઝોનમાં ૮૩.૫૯, સૌરાષ્ટ્રમાં ૮૧.૨૫ અને દક્ષિણ ગુજરાત ઝોનમાં ૮૪.૩૮ ટકા વરસાદ નોંધાયો છે. ગુજરાતના ૨૦૬ જળાશયો પૈકી ૯૧ને હાઈ એલર્ટ, ૨૮ને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. જ્યારે સરદાર સરોવર તેની કુલ ક્ષમતાના ૮૪ ટકા જેટલો ભરાઈ ચૂક્યો છે. ભારે વરસાદના કારણે અત્યાર સુધીમાં રાજ્યમાં ૫૧૯૧ લોકોનું સ્થળાંતર તેમજ ૯૩૪ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા માછીમારોને ૨૮ ઓગસ્ટ સુધી દરિયો ના ખેડવાની સૂચના આપવામાં આવી છે.

એક હજારના ભાડાની લાલચ આપી ગઠીયો વેપારીની કાર ઉઠાવી ગયો

સેલ્ફ ભાડે કાર મેળવી મિત્રએ ઠગાઈ આચરીઃ પ્ર.નગર પોલીસમાં શખ્સ સામે ગુનો નોધાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં જંકશન પ્લોટમાં રહેતા અને કોસ્મેટીકનો ધંધો કરતા વેપારીની રોજના એક હજાર રૂપીયા ભાડુ આપવાનુ કહી મિત્રએ કાર લઈ જઈ છેતરપીંડી આચર્યાની ફરીયાદ કરતા પ્રનગર પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જંકશન પ્લોટમાં રેબનશાહ પીરની દરગાહ પાસે જય એપાર્મેન્ટમાં રહેતા મહેશભાઈ મુલચંદભાઈ બુધવાણીએ કોઠારીયા રોડ પર આંબેડકરનગરમાં રહેતા અલ્પેશ જેઠવા સામે ફરીયાદ કરી છે. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તે કોસ્મેટીકનો હોલસેલનો ધંધા સાથે કાર સેલ્ફમાં ભાડે પણ આપતા હોય તા.૮-૭ના રોજ તેના મિત્ર અલ્પેશ જેઠવાએ ફોન કરી કાર ભાડે લઈ જવાની અને એકદિવસના એક હજાર રૂપીયા ભાડાની વાત કરી હતી અને તેના ઘેર આવી રૂ.૫.૫૦ લાખની કિંમતની કાર લઈ ગયો હતો. બીજા દિવસે તેના ઘેર નિલેશભાઈ અને વિજયભાઈ આવ્યા હતા અને ગોંડલ પાસે તેની કારે અમારા સગ્ગા સાથે અકસ્માત કરી નાસી ગયાનુ જણાવતા તેને અલ્પેશને કાર અંગેની વાત કરતા તેને તમારી કાર ગોડલના ચોરડી ગામના સંદીપ દાફડાને આપી હોવાનુ જણાવતા અને તમારી કારનુ અકસ્માત થયાનુ અને નુકશાન થયુ હોય રીપેરીંગ કરાવી આપવાનુ કહી વાયદાઓ કરી કાર પરત નહી આપી ઠગાઈ કર્યાની ફરીયાદ કરતા જમાદાર ચુડાસમા સહીતના સ્ટાફે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

રાજકોટમાં કોલેજીયન યુવતીને પ્રેમજાળમાં ફસાવી વિધર્મી શખ્સ દ્વારા દુષ્કર્મ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં એક વિસ્તારમાં રહેતી કોલેજીયન યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અલગ-અલગ હોટલોમાં લઈ જઈ મરજી વિરૂધ્ધ વિધર્મી સહપાઠીએ દુષ્કર્મ આચર્યું હતુ. તેમજ અન્ય યુવતી સાથે સગાઈ કરી શખસે તરછોડી દેતા યુવતીએ આપઘાતનો પ્રયાસ કરતા માલવીયા નગર પોલીસે યુવતીની ફરીવાદ પરથી ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ એક વિસ્તારમાં રહેતી યુવતીએ માલવીયા નગર પોલીસ મથકમાં જંગલેશ્વરમાં રહેતા મોઈન ઈમ્તીયાઝભાઈ ઘાનાણી સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે સને.૨૦૨૨માં તે કોલેજમાં અભ્યાસ કરતી હતી તે સમયએ તેની કોલેજમાં અભ્યાસ કરતા મોઈનએ તેની સાથે પરીચય કેળવી પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં અવાર નવાર ફોનમાં વાતો કરતા હતા અને તેને લગ્નની વાત કરવા માટે વાત કરી હતી. બાદમાં સને.૨૦૨૪માં તેની કોલેજએથી બહાર જવાનુ કહી બાઈકમાં બેસાડી કુવાડવા રોડ પર એક હોટલના રૂમમાં લઈ ગયો હતો અને હવે તારી સાથે લગ્ન કરવાના જ છે કહી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતુ. બાદમાં અવાર નવાર અલગ અલગ હોટલોમાં લઈ જઈ મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતુ બાદમાં તે ફોન ઉપાડતો ન હોય અને ત્યાર બાદ તેને ફોન નંબર બ્લોકમાં નાખી દિધો હતો. ત્યાર બાદબીયુવતીએ તપાસ કરતા મોઈનએ અન્ય યુવતી સાથે સગાઈ કરી નાખી હોવાનુ જાણવા મળ્યું હતુ.

બાદમાં બહાર જતી હતી તે દરમ્યાન વિરાણી ચોકમાં અચાનક ધસી આવેલા મોઈનએ તેની સાથે ઝઘડો કર્યો હતો અને તારી સાથે મારે કોઈ પણ જાતનો પેમ સંબંધ ન હોવાનુ અને મારી કોઈને વાત નહી કરવી કહી મારકુટ કરી હતી. ત્યાર બાદ યુવતીએ તેના માનેલા ભાઈના ઘેર મવડી પાસે રહેતો હોય ત્યા જઈને વાત કરી હતી બાદમાં ફિનાઈલ પી જતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાઈ હતી. જે સારૂ થયા બાદ તેના પરીવારને વાત કરી ફરીયાદ કરતા માલવીયા નગર પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.

ચોટીલાના સામાજીક કાર્યકર તથા મુખ્ય સમાચારના પત્રકાર મોહસીનખાન પઠાણનો આજે જન્મ દિવસ

ચોટીલામાં આવેલી રામ-રહીમ ફાઉન્ડેશન ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ મોહસીનખાન દિલાવરખાન પઠાણનો આજે જન્મ દિવસ છેવર્ષ ૧૯૮૮માં ચોટીલાના સરકારી ક્વાર્ટરમાં મોહસીનખાનનો જન્મ થયો હતો અને પ્રાથમિક શિક્ષણ ચોટીલાની પ્રાથમિક શાળા નંબર ૩માં લઈને ધોરણ ૮ થી ૧૦ બે વર્ષ ખાનગી શાળામાં અભ્યાસ કર્યો હતો અને ધોરણ ૧૦ની પરીક્ષા આપીને ફક્ત ૧૫ વર્ષની ઉંમરે રામ રહીમ સેવા સમિતિ નામની સેવાકિય સંસ્થા બનાવીને મિત્રોને ઘરેથી વાપરવા આપવામાં આવતા પૈસાથી લોકોની સેવાની શરૂઆત કરી હતી. આજે તે સંસ્થા ચોટીલા સહિત સુરેન્દ્રનગર જીલ્લા અને સૌરાષ્ટ્રમાં સેવાકિય પ્રવૃતિઓ કરે છે. પોતે છેલ્લા ૧૫ વર્ષથી પત્રકાર તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમજ ચોટીલા તાલુકાના લોકોને ઝડપી ન્યૂઝ મળે તે માટે પોતાનું ચોટીલા ટુડે ન્યૂઝ પોર્ટલ પણ ચલાવે છે જેમાં ૩૦૦૦૦ લોકો જોડાયેલા છે. અને સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત, અખ

૧૮૧ અભયમ દ્વારા તામિલનાડુ થી ગુજરાત આવી ગયેલ અજાણી મહિલાના પરિવારને શોધી અને જાણ કરાઈ

૧૮૧ અભયમ ટીમના કુશળ કાઉન્સીલિંગ દ્વારા તામિલનાડુની પીડિતાના પરિજનોનો સંપર્ક કરાયોઃ અજાણી નિસહાય મહિલાને પરિવાર લેવા આવે ત્યાં સુધી સુરક્ષિત આશ્રય અપાવતી ૧૮૧ અભયમ્ ટીમ

મુખ્ય સમાચાર, રાજકોટ

તારીખ-૨૪/૦૮/૨૦૨૫ ના રોજ એક જાગૃત નાગરિક દ્વારા રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકા ના દડવી ગામ થી ૧૮૧ પર કોલ આવેલ એક અજાણી મહિલા મળી આવેલ છે તેની જાણ કરાઈ, કોલ મળતા જ રાજકોટ જિલ્લા ના ગોંડલ સિટી પોલીસ સ્ટેશન સ્થિત ૧૮૧ વાન સાથે ટીમના કાઉન્સેલર લતાબેન ચૌધરી, પરવાનાબેન અને પાયલોટ વિશાલભાઈ ઘટના સ્થળે પહોંચી જાગૃત નાગરિક તથા સ્થાનિક લોકો સાથે વાતચીત કરી તો જાણવા મળેલ કે પીડિત મહિલા બપોર ના ૧૨ વાગ્યા ના દડવી ગામ ના બસ સ્ટેશન પર બેઠા હોય તેમજ પૂછ પરછ કરતા કઈ જણાવતા ન હોય અને ગભરાયેલા હોય તેવું લાગી આવતા ૧૮૧ અભયમમાં કોલ કરી મદદ માંગેલ ત્યારબાદ પીડિત મહિલા સાથે પરામર્શ કરતા જાણવા મળ્યું કે તે અન્ય રાજ્યના વતની હોય અને તમિલ ભાષામાં વાત કરતા હોય તેથી પીડિતાની પોતાના વિશેની માહિતી મેળવવી અત્યંત મુશ્કેલ હતી એવામાં કુશળતા પૂર્વક લાંબા પરામર્શ બાદ પીડિતાએ પોતાના પરિજનનોના નામ અને મોબાઈલ નંબર અને સરનામું તામિલ ભાષામાં લખેલ ત્યારબાદ ૧૮૧ ટીમના કાઉન્સિલરે ગૂગલ ટ્રાન્સલેટની મદદથી જણાવેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરતા તેમના પતિ અને દીકરી સાથે વાત કરી ત્યારબાદ પીડીતા એ આપેલા નંબર પર વિડીયો કોલ કરી પીડિતાને એમના પતિ સાથે વાત કરાવેલ ત્યારબાદ પીડિતાના પતિ સાથે ચર્ચા કરતા જાણવા મળેલ કે પીડિતા ની માનસિક સ્થિતિ સારી નથી અને અંદાજે ૧૫ દિવસથી તેના પત્ની ઘરેથી નીકળી ગયેલ હોય અને તેઓ એ ગુમ સુદા ની ફરિયાદ તીરૂવલી પોલીસ સ્ટેશનમાં દસ દિવસ પહેલા કરી હોય અમો તેને લેવા આવીએ ત્યાં સુધી સલામત જગ્યાએ આશ્રય અપાવવા જણાવેલ આથી પીડિતાને જામકંડોરણા પોલીસ સ્ટેશન લઈ ગયેલ બનાવની નોંધ કરાવેલ અને પો. સ્ટેશનના પી.આઈ સરને સમગ્ર બનાવ અંગે જાણ કરાઈ ત્યારબાદ પી.આઈ સર એ તીરૂવલી પોલીસ સ્ટેશનમાં કોલ કરેલ અને પીડિતાની માહિતી તથા ફોટો મોકલેલ અને ખરાઈ કરતા તીરૂવલી.પો.સ્ટેશનમાં ગુમસુદા ની ફરિયાદ દાખલ થયેલ છે તેમ ત્યાંના અધિકારીઓ એ જણાવેલ આથી સર એ ફોન દ્વારા માહિતી આપેલ કે પીડિતા હાલ ગુજરાત ના રાજકોટ જિલ્લા ના જામકંડોરણા તાલુકામાં આવી ગયા બાબતે વિસ્તૃત માહિતી આપી ત્યારબાદ તપાસ કરનાર તામિલ પોલીસ ટીમ અને પીડિતા ના પરિવાર ના સભ્યો તેડવા ન આવે ત્યાં સુધી પીડિતા ને અમરધામ આશ્રમ માં ૧૮૧ ટીમ આશ્રય અપાવેલ છે અંતે પીડિતાબેન ના પરિવાર દ્વારા ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અભયમ મહિલા હેલ્પલાઈન ની માનવતા ભરી કામગીરી ની પ્રશંસા કરી અને આભાર વ્યક્ત કરેલ.

જેતપુરમાં કોલેજ સામે રોમીયોગીરી કરનારની શાન ઠેકાણે લાવતી ૧૫૧ મહિલા હેલ્પલાઈનની ટીમ

ગામડેથી કોલેજ કરવા આવતી વિદ્યાર્થીની સામે ખરાબ હરકત કરતા યુવતિએ ૧૮૧ની મદદ માંગી હતી

મુખ્ય સમાચાર, રાજકોટ

તા .૨૩/૮/૨૫ ના રોજ એક વિદ્યાર્થી નીએ ૧૮૧ અભયમ માં કોલ કરી મદદ માંગેલ અને જણાવેલ કે તે કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હોય અને ગામડેથી શહેરમાં અભ્યાસ માટે દરરોજ બસ દ્વારા અપડાઉન કરતી હોય. કોલેજ થી છુટતી વેળાએ વિદ્યાર્થીની બસ સ્ટેન્ડ પર બસની રાહ જોતા હોય તે સમયે એક અજાણ્યા યુવક દ્વારા ખરાબ ઈશારાઓ કરવામાં આવેલ હોય તથા વિદ્યાર્થીની પાસે આવીને તેમને બાજુમાં બેસવા જણાવતા હોય, તથા તેમની આગળ પાછળ ફરતા હોય , તેથી વિદ્યાર્થીનીએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી મદદ માગી હતી.

૧૮૧ ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી ગભરાયેલી વિદ્યાર્થીને શાંત પાડી, સંવેદનશીલતા પૂર્વક કાઉન્સેલિંગ કરેલ, કાઉન્સિલિંગ કરતા વિદ્યાર્થીનીએ તેમની મનોવ્યથા જણાવેલ હોય, તેમજ છેડતી કરનાર વ્યક્તિ પણ ઘટના સ્થળ પર હાજર હોય , તે વ્યક્તિ સાથે સમગ્ર ઘટના વિશે ચર્ચા કરેલ પરંતુ સૌપ્રથમ તો તે તેમની ભૂલ સ્વીકારતા ન હતો, ત્યારબાદ નજીકના પોલીસ સ્ટેશન તથા કાયદાકીય માર્ગદર્શન આપી કડકાઈ થી પૂછપરછ કરતા , તેઓએ તેમની ભૂલ સ્વીકારેલ હોય તેમજ છેડતી કરનાર યુવકે વિદ્યાર્થીની પાસે માફી માંગેલ હોય અને તેમની ભૂલ થઈ ગઈ હોય , હવે પછી તેઓ ક્યારેય કોઈ યુવતીને હેરાનગતિ નહીં કરે તેવું જણાવેલ હોય , સાથે જ વિદ્યાર્થીની ને સલાહ સૂચન માર્ગદર્શન તથા કાયદાકીય માહિતી આપેલ હોય પરંતુ છેડતી કરનારે પોતાની ભૂલ સ્વીકારી લીધેલ હોય, અને માફી માંગેલ હોય ,તેથી વિદ્યાર્થીની આગળ કોઈ કાર્યવાહી કરવાની ના પાડતા સ્થળ પર સમાધાનકારી નિરાકરણ કરાવી રોમીયોની શાન ઠેકાણે લાવતી ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ ઉમદા કામગીરી કરી હતી.

મોરબીમાં માતા એ ઠપકો આપતાં ઘરેથી નીકળી ગયેલ કિશોરીનું ૧૮૧ ટીમે પરિવાર સાથે કરાવ્યું મિલન

મુખ્ય સમાચાર, રાજકોટ

૧૮૧ મહિલા અભયમ મહિલા હેલ્પલાઈન માં જાગૃત નાગરિક દ્વારા કોલ કરવામાં આવેલ કે એક કિશોરી રસ્તામાં આમતેમ ફરે છે તેમજ કિશોરી કોઈનું કઈ પણ માનતા નથી અને ખુબ જ ગભરાયેલી છે અને કિશોરી રડે છે કિશોરી ચિંતામાં છે માટે કિશોરી નાં મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ની જરૂર છે જેના પગલે ૧૮૧ ટીમના કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ ભુમીબેન તેમજ પાયલોટ રસીકભાઈ ઘટના સ્થળે કિશોરી નાં મદદ માટે પહોંચ્યા હતા કિશોરી ને ત્યાંના લોકોએ સુરક્ષિત રીતે બેસાડેલા હતાં સૌપ્રથમ કિશોરી ને સાંત્વના આપી તેમજ ૧૮૧ ટીમ દ્વારા કિશોરી સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો કિશોરી ખુબ જ ગભરાયેલી હતી તેથી સાંત્વના આપેલ અને કિશોરી ને મોટીવેટ કરેલ.

ત્યારબાદ કિશોરીનું ખુબ જ સંવેદનશીલતા પૂર્વક કાઉન્સિલીગ કર્યું કાઉન્સિલીગ દરમિયાન કિશોરીએ પોતાની મનોવ્યથા વ્યક્ત કરતા જણાવ્યું કે કિશોરી તેમના માતા અને ભાઈ સાથેના પરિવાર સાથે રહે છે કિશોરીનો ભાઈ સાત મહિના નો હતો ત્યારથી તેમના પિતાએ બીજા લગ્ન કરી લીધા હતા ત્યાંરથી બંને ભાઈ બહેન તેમના માતા સાથે રહે છે વધુમાં કિશોરી એ જણાવ્યું કે કામકાજ બાબતે તેમના માતા સાથે કિશોરીને અવર નવાર ઝગડા થયા કરે છે અને વારંવાર અપશબ્દો બોલતા હોય જેથી કંટાળીને મધ્ય રાત્રિએ ઘર છોડીને કોઈને પણ જાણ કર્યા વગર નીકળી ગયેલ ત્યારબાદ કિશોરીને ઘરે જઈ ૧૮૧ ટીમે કિશોરીના પરિવારના સભ્યોમાં માતા અને ભાઈ સાથે વાતચીત કરી અને સમગ્ર બાબતે કિશોરીના માતા એ જણાવેલ ત્યારે કિશોરીની માતાએ જણાવેલ કે તેઓ તેના પતિની ગેરહાજરીમાં બંને બાળકોનું જતન કરે છે હું મજુરી કામ કરીને મારા બાળકોની બધી જ જવાબદારી પુરી કરું છું છતાં મારી દિકરી ઘરમાં કોઈનું કાઈ પણ માનતી નથી અને ઘર કામકાજ બાબતે કઈ પણ બોલું તો મારા સામે મોટા અવાજે બોલે છે અને વારંવાર ઘરની બહાર નીકળી જાય છે. બાદમાં સમજાવટ કરી ૧૮૧ મહિલા અભયમની ટીમે કિશોરીનું માતા સાથે મીલન કરાવ્યું હતું.

આગામી રવિવારે રાજકોટ ખાતે ૭૩ મો સમસ્ત કોળી સમાજનો જીવનસાથી વેવિશાળ પસંદગી મેળો યોજાશે

મુખ્ય સમાચાર, રાજકોટ

સમસ્ત કોળી સમાજના દિકરા દીકરીઓને યોગ્ય મનપસંદ જીવનસાથી પાત્ર મળે અને સમાજના વડીલો એકબીજાના સંપર્કમાં આવે અને એક જ સ્થળ પર એકબીજાના સંપર્ક દ્વારા માતા-પિતાના સંતાનોના લગ્નની ચિંતા હળવી થાય તેવા હેતુથી અમારી સંસ્થા દ્વારા અલગ અલગ શહેરોમાં વેવિશાળ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવે છે તેમાં ખૂબ જ સારી સફળતા મળેલ છે સમગ્ર ગુજરાત રાજ્યભરમાં રહેતા ચુંવાળીયા તળપદા ઘેડિયા દિવેચા સસ્ત કોળી સમાજના અભ્યાસ કરતા એજ્યુકેશન ફેમિલીના યુવક યુવતીઓ માટે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી તથા સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત રાજકોટ શહેર ખાતે તારીખ ૩૧/૦૮/૨૦૨૫ રવિવારે સવારે ૮ કલાકે થી ૩ વાગ્યા સુધી સ્થળ પંડિત દિન દયાલ ઉપાધ્યાય કોમ્યુનિટી હોલ યુનિટી ૧ સેટેલાઈટ ચોક પેડક રોડ રાજકોટ મુકામે શાદી જાજરમાન આયોજન યોજાશે આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે સૌરાષ્ટ્ર ગુજરાતના તેમજ રાજકોટ શહેર જિલ્લાના કોળી સમાજના ડોક્ટરો વકીલો શિક્ષકો પોલીસ બિલ્ડરો ઉદ્યોગપતિઓ વેપારીઓ ઉચ્ચકક્ષાના અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રના તમામ સરકારી કર્મચારીઓને પધારવા આમંત્રણ છે.

આયોજનને સફળ બનાવવા માટે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી પ્રમુખ રમેશભાઈ ગોહિલ તેમની ટીમ તથા સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ કલ્પેશભાઈ બાવરીયા, ધીરૂભાઈ ધોળકિયા તેમજ ટ્રસ્ટના સર્વે હોદેદારો જહેમત ઉઠાવી રહ્યા છે આ પરિચય મેળામાં જે ઉમેદવાર ભાગ લેવા માંગતા હોય તો અન્ય માહિતી માટે રમેશભાઈ ગોહિલ મો,૯૩૭૪૭ ૩૪૮૨૦ કલ્પેશભાઈ બાવરીયા,૭૯૮૪૫ ૯૪૪૨૪ ધીરૂભાઈ ધોળકિયા, ૭૪૦૫૭ ૭૩૦૯૧ ઉપર સંપર્ક કરવા વિનંતી છે તેમજ સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ ની યાદીમાં જણાવેલ છે

રાજકોટમાં ગણપતિની મૂર્તિઓનું વેચાણ પૂરજોશમાં

મુખ્ય સમાચાર, રાજકોટ

ગણેશ ઉત્સવ દરમિયાન ભક્તો પોતાના ઘરમાં ગણપતિ દાદાને સ્થાપિત કરીને તેમની પૂજા કરે છે અને આ માટે વિવિધ પ્રકારની મૂર્તિઓ બજારમાં ઉપલબ્ધ છે આ વખતે, રાજકોટના બજારમાં ઇકો-ફ્રેન્ડલી એટલે કે પર્યાવરણને અનુકૂળ મૂર્તિઓની માંગ વધી રહી છે માટી અને કુદરતી રંગોથી બનેલી મૂર્તિઓ પર લોકો વધુ ધ્યાન આપી રહ્યા છે, જેથી વિસર્જન પછી પર્યાવરણને નુકસાન ન થાય. કલાકારોએ આ મૂર્તિઓને ખૂબ જ સુંદર અને આકર્ષક બનાવી છે મૂર્તિની વાત કરીએ તો ત્રિશુલ વાળી મૂર્તિ ડમરૂ વાળી મૂર્તિ, શિવલિંગ વાળી મૂર્તિ, આકર્ષણ વાળી મૂર્તિઓ જોવા મળી હતી.

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પ્રાણ પરિવારના પૂ. હંસાબાઈ મહાસતીજી દેવલાલી ખાતે કાળધર્મ પામ્યા

મુખ્ય સમાચાર, રાજકોટ

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પૂ.પ્રાણ પરિવારના ઉગ્ર વિહારી જયાબાઈ મ.સ.ના સુશિષ્યા સાધ્વી રત્ના પૂ. હંસાબાઈ મહાસતીજી દેવલાલી ખાતે કાલે સાંજે સમાધિ ભાવે કાળધર્મ પામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રત્નકુક્ષિણી માતુ સમજુબા હરજીવનદાસ મગીયા પરિવારના ખાનદાન ખોરડે તેઓનો ઉછેર થયેલ.

૧૮ વર્ષની ભર યુવાન વયે વૈરાગ્યના રંગે રંગાયા અને ૨૪ વર્ષની વયે તેઓના ભત્રીજી પૂ. વિમળાબાઈ મ.સ.સાથે સાવરકુંડલાની ધન્ય ધરા ઉપર પૂ.ગુરુદેવ પ્રાણલાલજી મ.સા.ના શ્રી મુખેથી કરેમિ ભંતેનો પાઠ ભણી જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ.

સંયમ અને સંયમી આત્મા પ્રત્યે અપાર પ્રેમ હતા.ઉંમરમાં પોતે વડીલ હોવા છતાં પોતાના ભત્રીજી એવા પૂ.વિમળાબાઈ મ.સ.ને ગુરુદેવના હસ્તે પ્રથમ રજોહરણ અર્પણ કરાવેલ.

પૂ.હંસાબાઈ મ.સ.અત્યંત સરળ - મૃદુ સ્વભાવના હતા.તપ,સ્વાધ્યાય, સેવા વગેરેના ગુણોના ધારક હતા.

તેઓ આત્માર્થી હતા.આત્મા સાથે સતત રમણતા કરતા અને સૌને સદ્બોધ આપતા કહેતા કે આત્માનુ સદા સ્મરણ કરજો.

સૌરાષ્ટ્રમાં - મહારાષ્ટ્ર ,ઉત્તર ભારત કાઠમંડુ,નેપાળ સહિત અનેક ક્ષેત્રોમાં તેઓએ વિચરણ કર્યું.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે મગીયા પરિવારમાથી અનેક હળુ કર્મી આત્માઓ દીક્ષિત થયેલા છે.

ગોંડલ સંપ્રદાયના સ્વ.પૂ.વીમળાબાઈ મ.સ.,પૂ.હસ્મિતાજી મ.સ.,પૂ.રૂપલબાઈ મ.સ.તથા બરવાળા સંપ્રદાયના પૂ.જિનાજ્ઞાજી મહાસતિજી વગેરે આત્માઓ સ્વ - પરના કલ્યાણમા નિમિત્ત બની રહ્યાં છે.

ભગવાન શ્રી વિષ્ણુ સ્વરૂપે બીરાજમાન દુંદાળા દેવની ભવ્યાતિભવ્ય દિવ્ય દર્શન કરવા ભાવિકોમાં અનેરો ઉત્સાહ

ત્રિકોણબાગ કા રાજાની મંગલ સ્થાપનનું ૨૭ માં વર્ષે જાજરમાન આયોજન

ગુજરાતના સૌથી વિશાળ અને જાજરમાન ગણપતિ મહોત્સવ ત્રિકોણ બાગ કા www.trikonbaugkaraja.com પર લાઈવ નિહાળી શકાશે

મુખ્ય સમાચાર, રાજકોટ

ગણપતિ સ્થાપન કરવાના બદલે શહેરના ત્રિકોણબાગ ચોક ખાતે પુરા ભક્તિભાવ અને આસ્થા સાથે ૨.૫ ફુટની ઊંચાઈના 'માનતાના ગણપતિ' ની સ્થાપના પૂજન કર્યું હતું. સમય જતાં એ પારિવારિક ગણપતિ સ્થાપના સૌરાષ્ટ્રના સૌપ્રથમ સાર્વજનિક ગણેશ મહોત્સવમાં પરિવર્તન પામ્યું. એ ગણેશ મહોત્સવ એટલે લાખો આસ્થાળુંના કેન્દ્રસમા 'ત્રિકોણબાગ કા રાજા' આ વર્ષે ત્રિકોણબાગ ખાતે તા. ૨૭/૦૮/૨૦૨૫ થી તા. ૦૬/૦૯/૨૦૨૫ સુધી સ્થાપિત થનારા 'ત્રિકોણબાગ કા રાજા' નું ૨૭મું વર્ષ છે. ૧૯૯૯ ની સાલમાં ત્રિકોણબાગ ચોકમાં એક લીમડાના વૃક્ષ હેઠળ નાનકડા મંડપમાં સ્થાપિત કરેલી અઢી ફૂટની ઊંચાઈની માનતાના ગણપતિએ વર્ષો વર્ષ આસ્થાનું એવું મોટું વટવૃક્ષ ખડું કર્યું કે ૨૦૧૯ ની સાલમાં સ્થાપિત કરેલી અત્યાર સુધીની સૌથી મોટી ૧૭ ફૂટની ઊંચાઈની મૂર્તિએ બાપાના ભક્તોની આસ્થાને પણ વિરાટ સ્વરૂપે પ્રસ્થાપિત કરી હતી. જે ઉત્તરોત્તર વધતા વધતા આ ૨૭માં વર્ષે માત્ર રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાત જ નહીં પણ ભારતભરમાં 'માનતાના ગણપતિ' ના નામે લાખો લોકોના મનની મુરાદ પુરી કરી રહ્યું છે.

સાર્વજનિક ગણપતિ સ્થાપન પંડાલમાં માત્ર ગણેશ વંદના જ નહીં પણ ૧૦-૧૦ દિવસ સુધી નિત્ય સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક વિવિધ પ્રકલ્પો સાથે તેમજ નિર્મળ અને માત્ર ધાર્મિક દ્રષ્ટિકોણથી રજૂ થતાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રણેતા પણ ત્રિકોણબાગ કા રાજા છે. આ વર્ષે પણ દર વર્ષની જેમ જ ઈસ્કોન ધૂન કીર્તન, સંતો-મહંતોના વરદ હસ્તે મહા આરતી, ગણેશ વંદના (નૃત્યનાટિકા), લોકડાયરો, મ્યુઝીકલ શો, બાળકોના શ્લોક ગાન, બાળકો દ્વારા સામુહિક હનુમાન ચાલીસા પઠન, ભક્તિ સંધ્યા, નિઃશુલ્ક મેડિકલ કેમ્પ, મહા રક્તદાન કેમ્પ, શાળાના બાળકોનો ડાન્સ ટેલેન્ટ શો, ગેમ શો, શ્રીનાથજીની ઝાંખી, સત્યનારાયણ કથા તેમજ સાયબર અવેરનેશ, સ્ત્રી અને બાળકો પર થતા અત્યાચાર અંગે અવેરનેશ તેમજ વ્યસનમુકિત અભિયાન ચલાવવામાં આવશે. જાહેર જનતા માટે ડાંડિયારાસ સ્પર્ધા સહિતના શ્રેણીબદ્ધ આયોજનો કરવામાં આવ્યા છે.

ઉક્ત તમામ આયોજન માટે ઝાઝા હાથ રળિયામણાની પરંપરામાં દ્રઢ વિશ્વાસ વ્યકત કરતી સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં જયપાલસિંહ જાડેજા, ચંદુભાઈ પાટડીયા, સંજયભાઈ ટાંક, નિલેશ ચૌહાણ, બીપીન મકવાણા, નિખીલ નિમાવત, કાનાભાઈ સાનિયા, રાજન દેસાણી, ભરતભાઈ રેલવાણી, દિલીપભાઈ પાંધી, ધવલ કાચા, રવિ ગોડલિયા, વંદન ટાંક, કૃષ્ણ ભટ્ટ, ધાર્મીન ચૌહાણ, મિલન ધંધુકિયા, આશિષ કામલીયા, અભિષેક કાચા, ધવલભાઈ, કુણાલ મિસ્ત્રી, વિનય ટાંક, સન્ની કોટેચા, કાળુભાઈ ગોંડલીયા, પ્રકાશભાઈ કાપડી, દર્શન જોશી, પ્રથમ રાણપરા, અભિષેક કણસાગરા, જીત ખોપકર, પરાગ ગોહેલ, સુમિત મકવાણા, ધવલ ત્રિવેદી, ભરતસિંહ પરમાર, બલરામ ચૌહાણ, વિવેક સોદરવા અને ધ્રુવક ભટ્ટ સહિતના સેવાભાવી સદસ્યો સમગ્ર આયોજનને સુપેરે પાર પાડવા છેલ્લા એકાદ માસથી ફાઉન્ડર જીમ્મીભાઈ અડવાણીના માર્ગદર્શન હેઠળ ટીમ ત્રિકોણબાગ ભારે જહેમત ઉઠાવી રહી છે. સાર્વજનિક ગણેશ મહોત્સવની વિશેષ માહિતી, નિત્ય આયોજિત થતાં વિવિધ કાર્યક્રમોની જાણકારી કે અન્ય સેવા કાર્યોની માહિતી માટે વોટ્સએપ નંબર ૯૪૨૬૨ ૦૧૧૨૦ વોઈસ કોલ માટે મો.નં. ૯૯૨૪૦ ૯૯૨૪૧ અથવા ઈમેલ આઈ.ડી. trikonbaugkaraja@gmail.com પર સંપર્ક કરી શકાય છે.

મોજ, આજી-૨ અને ઉમિયા સાગર ડેમના દરવાજા ખોલાયા

વેરી ડેમ ૮૦ ટકા, ફોફળ-૧ જળાશય ૭૦ ટકા ભરાયો અને સોડવદર ૦.૨ મીટર ઓવરફ્લોઃ તમામ ડેમોના હેઠવાસ ગામોના નાગરિકોને સાવચેત રહેવા સૂચના

મુખ્ય સમાચાર, રાજકોટ

તાજેતરમાં રાજકોટ અને ઉપરવાસમાં ભારે વરસાદને કારણે વિવિધ જળાશયોમાં પાણીની આવક થઈ છે. જેમાં મોજ, આજી-૨ અને ઉમિયાસાગર ડેમના દરવાજા ખોલાયા છે. વેરી ડેમ ૮૦ ટકા, ફોફળ-૧ ડેમ ૭૦ ટકા ભરાયો અને સોડવદર ૦.૨ મીટર ઓવરફ્લો થયો છે.

ઉપરોક્ત તમામ ડેમોના હેઠવાસના ગામોના નાગરિકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

ઉપલેટા તાલુકાના મોજ ડેમના ૧૦ દરવાજા ૧.૫૨ મીટર ખોલાયા છે.

આજી-૨ ડેમના પાંચ દરવાજા ૦.૧૫ મીટર ખોલાયા છે. જામજોધપુર તાલુકાના ઉમિયા સાગર ડેમના ૧૦ દરવાજા ૨.૧૩ મીટર ખોલાયા છે. જામકંડોરણા પાસેનો સોડવદર જળાશય ૦.૨ મીટર ઓવરફ્લો થયેલ છે , જ્યારે ફોફળ-૧ જળાશય ૭૦ ટકા પાણીથી ભરાયેલ છે. આથી ઉપરોક્ત તમામ ડેમોના હેઠવાસના ગામોના લોકોને જિલ્લા ફ્લડ કંટ્રોલ સેલ દ્વારા સાવચેત રહેવા અને નદીના પટ્ટમાં અવરજવર ન કરવા સુચના અપાઈ છે. જેમાં ઉપલેટા તાલુકાના હરિયાસણ, ચરેલીયા, ખરાચિયા, રાજપરા, રબારીકા, ઉપલેટા શહેર, નવાપરા, ગઢાળા, કેરાળા, ખાખી જાળીયા, મોજીરા, સેવંત્રા, ચરેલીયા અને વડલા તથા ગોંડલ તાલુકાનાં કંટોલિયા, ગોંડલ શહેર અને વોરાકોટડા ગામોનો સમાવેશ થાય છે. જામકંડોરણા તાલુકાના દુધીવદર, ઈશ્વરીયા, તરવડા, જામજોધપુરનું સીદસર, ધોરાજીનાં ઝાંઝમેર, વેગડી અને સુપેડી ગામનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પડધરીના દહીસરડા, બાધી, અડબાલકા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખાપર અને ઉકરડા ગામનો સમાવેશ થાય છે. ઉપરોક્ત ગામના લોકોએ નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં ચેતવણી સંદેશ અપાયો છે.

રતનપર-હડાળામાં વિદેશી વિદ્યાર્થીઓનું એસઓજી દ્વારા ચેકિંગ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તેમજ નાર્કોટિક્સ બ્યુરો દ્વારા સંયુક્ત રીતે આફ્રિકન વિદ્યાર્થીઓ બાબતેનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ઓવર સ્ટે, એનડીપીએસ સહિતની બાબતોને ધ્યાનમાં રાખી ચેકીંગ કરાયું હતું. મારવાડી યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરનારા આફ્રિકન વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં જોડાયા હોવાનો આક્ષેપ તેમજ રજૂઆત સ્થાનિકો દ્વારા પોલીસને કરવામાં આવી હતી. રતનપર, હડાળા, નાગેશ્વર, માધાપર સહિતના ગામોમાં ચેકીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

તરણેતરના મેળામાં જનઆરોગ્યની રક્ષા માટે સજ્જ આરોગ્ય વિભાગ

મુખ્ય સમાચાર, રાજકોટ
વિશેષ અહેવાલઃ શકિત ગુંધવા, ભાવિકા લીંબાસીયા

લોકમેળાઓમાં જનસમુદાયનું સ્વાસ્થ્ય જાળવવું એ એક મોટો પડકાર હોય છે. ગુજરાતના સુપ્રસિદ્ધ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા તરણેતર મેળામાં લાખો શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ ઉમટી પડતાં હોય છે. ત્યારે આ મેળામાં કોઈ પણ પ્રકારની આરોગ્યલક્ષી કટોકટીનો સામનો કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સુદ્રઢ અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા મેળાના સ્થળ પર આરોગ્ય સેવાઓનું એક અભૂતપૂર્વ માળખું ગોઠવવામાં આવ્યું છે. આ માળખામાં માત્ર તાત્કાલિક સારવાર જ નહીં, પરંતુ પૂર્વ આયોજન, મોનિટરિંગ અને કટોકટી વ્યવસ્થાપનનો પણ સમાવેશ થાય છે. જેના વિશે વિસ્તૃત માહિતી આપતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. બી.જી ગોહિલે જણાવ્યું હતું કે, મેળા દરમિયાન કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે કુલ ૨૫ મેડિકલ ઓફિસર અને ૧૦૪ આરોગ્ય કર્મચારીઓની ટીમ તહેનાત કરવામાં આવી છે. આ કર્મચારીઓમાં ડોક્ટર્સ, નર્સ, ફાર્માસિસ્ટ અને અન્ય સહાયક સ્ટાફનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મેળાના કોઈપણ ભાગમાં કોઈપણ વ્યક્તિને તાત્કાલિક સારવારની જરૂર પડે તો તે સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે. મેળામાં અલગ-અલગ પાંચ સ્થળોએ મેડિકલ ટીમો ગોઠવવામાં આવી છે, જેમાંથી ચાર ટીમો ૨૪ કલાક અવિરત સેવા આપશે. આ કેન્દ્રો પર સામાન્ય બિમારીઓથી માંડીને ઈમરજન્સી કેસ માટે જરૂરી દવાઓ અને સાધનો ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે.

જરૂર જણાયે, તાત્કાલિક સારવાર માટે દર્દીને નજીકની હોસ્પિટલ સુધી પહોંચાડવામાં વિલંબ ન થાય તે માટે મેળામાં ચાર એમ્બ્યુલન્સ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. માત્ર મેળાના સ્થળ પર જ નહીં, પરંતુ આસપાસના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોને પણ ૨૪ કલાક ખુલ્લા રાખવાની સૂચના આપવામાં આવી છે. જેથી મેળાના સ્થળ પર રિફર થતા દર્દીઓને સમયસર યોગ્ય સારવાર મળી રહે. જનજનના આરોગ્યની દરકાર લેતી રાજ્ય સરકાર દ્વારા લોકમેળાઓ જેવા જાહેર આયોજનોમાં જનતાના સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ગત વર્ષના મેળામાં આશરે ૧૪૦૦ જેટલા લોકોને નાની-મોટી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ વર્ષે પણ આરોગ્ય વિભાગ દ્વારા જનઆરોગ્યની રક્ષા માટે સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર કામગીરીનું જિલ્લા કક્ષાએથી સતત મોનિટરિંગ કરવામાં આવશે, જેથી કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળી શકાય.

રાજકોટ કોર્ટ ખાતે વકીલોને પોલીસ તંત્ર દ્વારા હેલ્મેટનું કરાયું વિતરણ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જિલ્લા કોર્ટ ખાતે હેલ્મેટની જાગૃતતા લાવવા માટે પોલીસ તંત્ર દ્વારા વકીલોને હેલ્મેટ પહેરાવી વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ, એસીપી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી તા.૦૮થી હેલ્મેટ ફરજિયાતના કરવામાં આવનાર છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARA

કોર્ટના નીવૃત કલાર્કને દિલ્હી ક્રાઇમ બ્રાન્ચની ઓળખ આપી ૩.૮૮.૫૦ લાખ સાયબર ગઠીયાઓએ પડાવ્યા

મની લોન્ડ્રીંગ અને ડ્રગ્સના મોટા જથ્થાના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી અલગ-અલગ બેંક ખાતામાં રકમ આરટીજીએસ કરાવી



મુખ્ય સમાચાર, રાજકોટ

ભારત સરકાર દ્વારા મોબાઇલમાં ડિઝિટલ એરેસ્ટનો કોઇ લોકો શિકાર ન બને એ માટે કોલ ડાયલ કરવાની સાથે જ સુચના આપવામાં આવે છે કે, કોઇ અજાણ્યા ઇસમો ફોન કરી ક્રાઇમ બ્રાન્ચ, જજ કે પછી કોઇ ઉચ્ચ અધિકારીની ઓળખ આપી તમને છેતરવાનો પ્રયાસ કરે તો તાત્કાલીક નજીકના સાયબર ક્રાઇમ પોલીસ મથકનો સંપર્ક કરવો અને સરકારની હેલ્પલાઇન નંબર ૧૯૩૦માં સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી રહી છે. તેમ છતાં રાજકોટના કોર્ટના નિવૃત કલાર્કને દિલ્હી ક્રાઇમ બ્રાન્ચના નામે ડિઝિટલ એરેસ્ટ કરી સાયબર ગઠીયાઓએ ૩.૮૮.૫૦ લાખની માતબાર રકમ ટ્રાન્સફર કરાવી છેતરપીંડી આચરતા રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ યુનિવર્સિટી રોડ પર સાધુવાસવાણી રોડ નજીક આવેલ સ્વાગત રેસીડેન્સીમાં રહેતા કોર્ટના નિવૃત કલાર્ક દિનેશભાઇ જીવણભાઇ દેલવાડીયા (ઉ.વ.૬૯) નામના વૃધ્ધે સાયબર ક્રાઇમ પોલીસમાં અજાણ્યા વોટ્સઅપ નંબર અને બેંક ખાતાના ધારકો સામે ફરીયાદ કરી છે કે, ગઇ તા. ૮-૭-૨૦૨૫થી ૧૮-૭-૨૦૨૫ના સમયગાળા દરમ્યાન સાયબર ગઠીયાઓએ અલગ-અલગ વોટ્સઅપ નંબર પરથી ફોન કરી પોતે દિલ્હી ક્રાઇમ બ્રાન્ચના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી નિવૃત કલાર્કને મનીલોન્ડ્રીંગ તથા ડ્રગ્સના મોટા જથ્થાના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી જીંદગીભર જેલમાં રહેવું પડે તેમ કહીં સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, બેંક ઓફ બરોડા, ફીનો પ્યાયરસ બેંક, યુસીઓ બેંક, એક્સીસ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા સહિતની અલગ-અલગ બેંકના ખાતામાં આરટીજીએસ કરાવી કુલ રૂ.૩.૮૮.૫૦ લાખ પડાવી લઇ છેતરપીંડી સાયબર ગઠીયાઓએ કરી હોવાની ફરીયાદ નોંધાવતા પીઆઇ એસ.ડી.ગીલવા સહિતના સ્ટાફે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

કોર્ટ પરિસરમાં હત્યાના આરોપીએ ફરિયાદી માતા-પુત્રને ફડાકા ઝીંકી દીધા

માલવીયા ફાટક પાસે થયેલી હત્યાનો આરોપી જામીન મુક્ત થઈ મુદતે આપ્યો 'તો, સમાધાન કેમ નથી કરતાં તેવું કહી ઝઘડો કર્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ સેશન્સ કોર્ટમાં ફરી એક વાર મારામારીની ઘટના સામે આવી છે. માલવીયા ફાટક પાસે થયેલી હત્યાના કેસમાં જામીન પર છૂટેલા આરોપીએ ફરિયાદી માતા-પુત્રને કોર્ટ પરિસરમાં જ ફડાકા ઝીંકી દઈ મારી નાખવાની ધમકી આપી છે.ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગેની વિગતો મુજબ, માલવીયા ફાટક પાસે નારાયણ નગર શેરી નં. ૧૦માં રહેતા ફરિયાદી વિકી સુરેશભાઈ સોલંકીએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ૧૧ મહિના પહેલા તેના પિતા સુરેશભાઈ દુલાભાઈ સોલંકીની હત્યા થઈ હતી. આ મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જે અંગેનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલે છે. ૩૦ જૂન ૨૦૨૫ના સવારે ૧૧ વાગ્યે નવી કોર્ટ બિલ્ડિંગના બીજા માળે કોર્ટ નં. ૨૦૭ બહાર વિકી અને તેના પરિવારના સભ્યો હાજર હતા. ત્યાં જ હત્યાના આરોપી શૈલેષભાઈ ભીમાભાઈ સોલંકી, જેને હોચકોર્ટે ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ના જામીનમુક્ત કર્યો હોય તે પણ મુદત માટે આવ્યો હતો. વિકીના જણાવ્યા મુજબ, શૈલેષે સમાધાન કરવા માટે કહ્યું અને જ્યારે વિકીએ ઈનકાર કરતાં ગાળો આપી અને થપ્પડ મારી હતી.

ઝઘડો થતા વિકીની માતા ગીતાબેન વચ્ચે પડતા શૈલેષે તેમને પણ થપ્પડ મારી અને વિકીનું ગળું પકડીને કહ્યું કે, ''તને પણ તારા બાપની જેમ મારી નાખીશ.' આ પછી ત્યાં હાજર અન્ય લોકોએ વચ્ચે પડીને તેમને છોડાવ્યા હતા.ઘટના અંગે વિકીએ પોલીસમાં અરજી કર્યા બાદ પોલીસ તપાસના અંતે આખરે ગુનો નોંધાયો હતો.

સોખડા ચોકડી પાસે ૩.૧.૮૯ લાખનો વિદેશી દારૂ ભરેલું માલવાહક છોટાહાથી ઝડપાયું

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની ભાગોળે સોખડા ચોકડી પાસે પટેલ વિહાર રેસ્ટોરન્ટની સામે ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઇ બી.વી.ચુડાસમા, હેડ કોન્સ. એચ.એ.ઝાલા, કોન્સ. રવિરાજભાઇ પટગીર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે મારૂતિ સુઝુકીની સુપર કેરી માલવાહક નંબર જીજે૩બીજે૩૪પ૮૭માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે પીછો કરતા ચાલક વાહન રેઢુ મુકી નાસી જતા પોલીસે વાહનની તલાસી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડનો દારૂ-બિયરનો જથ્થો કિંમત રૂ.૧.૮૯ લાખનો મળી આવતા પોલીસે વાહન સહિત રૂ.૬.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વાહન નંબરના આધારે ચાલકની શોધખોળ શરૂ કરી છે.

ઘનશ્યામનગરમાં ટાઈફોઈડથી ૩૪ વર્ષીય યુવકનું મોત

શહેરમાં કોઠારીયા રોડ ઘનશ્યામનગરમાં ટાઈફોઈડથી ૩૪ વર્ષીય યુવકનું મોત થતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. આ અંગે વધુમાં જાણવા મળતી માહિતી મુજબ, કોઠારીયા રોડ ઘનશ્યામનગર શેરી નં ૧ માં રહેતા ૩૪ વર્ષીય કૌશિકભાઈ અનિલભાઈ ગોંડલીયાને ૩ મહિનાથી ટાઈફોઈડની બીમારી થઈ જતાં પરિવાર દ્વારા ખાનગી હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી. તેમ છતાં તેમની તબિયતમાં કોઈ સુધારો ન આવ્યો હતો. રવિવારે વહેલી સવારે ૬.૩૦ વાગ્યે કૌશિકભાઈ ઘરે આચનક બેભાન થઈ જતાં પરિવારે તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અહીં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા. વધુમાં પરિવાર તરફથી જાણવા મળ્યા મુજબ, મૃતક કૌશિકભાઈ ત્રણ ભાઈ માં નાના હતા અને કારખાનામાં કામ કરતા હતા.

કોટડા સાંગાણીના સીસક ગામે જુગારના બે દરોડા: લાખોનો મુદ્દામાલ કબ્જે

ગોંડલના આંબરડી ગામે પ્રોવીઝન સ્ટોર અને જામકંડોરણામાં ઘરફોડ ચોરી કરનાર ત્રણ રીઢા તસ્કરોની ધરપકડ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જીલ્લામાં હજુ પણ શ્રાવણીયો જુગાર ચાલુ હોવાની હકિકતના આધારે ગ્રામ્ય એલસીબીની ટીમે કોટડાસાંગાણી તાલુકાના સીસક ગામે જુગારના બે અલગ-અલગ દરોડા પાડી ૧૭થી વધુ પત્તાપ્રેમીઓને દબોચી લઈ ૩.૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબી પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહીલ તથા પીએસઆઇ આર.વી.ભીમાણી સહિતનો સ્ટાફ કોટડાસાંગાણીના સીસક ગામે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ગામની સીમમાં આવેલ જયેશ કુકાજી પઢીયારની વાડીની ઓરડીમાં નસીબ આધારીત જુગાર રમતા હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોક સ્થળે દરોડો પાડતા વાડી માલિક જયેશ કુકાજી પઢીયાર, મનીષ હરેશ સાપરા, મૌવૈયા ગામનો અશ્વીન સવજી ભાલાળા, અશોક બાબુ કથીરીયા, રાજા વશરામ ધ્રાગીગા, મુકેશ વિક્રુલ સાપરા, ગોંડલના ભોજપરાનો દેવાયત મુંજા ગઢવી, મૌવૈયાનો મોહન પાચા ટાળીયા, નવા ગામનો સંજય હરી કિયાડા, જશા ભીખા ગોલતર, રાજકોટનો સામત કનુ સુસરા સહિત ૧૧ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૧૦૫૨૦૦ તથા ૯ મોબાઇલ, ત્રણ બાઇક સહિત કુલ રૂ.૨.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જયારે બીજા દરોડામાં સીસક ગામના ભુપત છગન અકબરીની વાડીની ઓરડીમાં દરોડો પાડતા જુગાર રમતો ભુપત છગન અકબરી, ગુંદાળા ગામનો સંજય કેશુ હિરપરા, રજનીકાંત મનસુખ ઠુમર, મોવૈયાનો જીતેન્દ્ર ગાંડુ ભાલાળા, બટુક કાબા ભાલોળી અને ગોંડલનો મહેશ કાનજી સાવલીયા સહિત છ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૪૬૦૦૦ તથા ૭ મોબાઇલ, એક કાર સહિત કુલ રૂ.૧.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

જયારે રૂરલ એલસીબીની ટીમે અગાઉ ગોંડલ તાલુકાના આંબરડી ગામે શ્રીજી પ્રોવીઝન સ્ટોરમાં રોકડ રકમની ચોરી તથા જામકંડોરણા વિસ્તારમાં ઘરફોડ ચોરી સહિત કુલ પાંચ સ્થળોએ ચોરીને અંજામ આપનાર ત્રણ રીઢા તસ્કરો વિક્રમ ધીરૂ ચારોલીયા, રણજીત ઉર્ફે કરો ધીરૂ ચારોલીયા અને દેવચંદ ઉર્ફે દેવો ધીરૂ ચારોલીયા (રહે. ત્રણેય ગોંડલ આશાપુરા ચોકડી, નદીકાઠે)ની ધરપકડ કરવામાં આવી હતી.

રાજકોટમાં મકાનમાંથી 'મિનિ વાઈનશોપ' ઝડપાઇ: માંગો એ મોંઘેરી બ્રાન્ડ હાજર

એક હજારથી લઈ પાંચ હજાર રૂપિયા સુધીના ભાવની ૩૨ બ્રાન્ડનો ૨૬ લાખનો દારૂ પીસીબીને 'રેઢો' મળ્યો: દારૂ મંગાવનાર ફરાર મકાન ભાડે રાખી દારૂનો વેપલો શરૂ કર્યો'તો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં ગેરકાયદે 'મિનિ વાઈનશોપ' પકડાઈ છે. શહેરના પટેલનગરમાં સદભાવના સોસાયટી શેરી નં.૩માં ખોડિયાર ઓટો સર્વિસ સામે આવેલા મકાનમાં એક હજાર રૂપિયાથી લઈ પાંચ હજાર રૂપિયા સુધીના ભાવની દારૂની અલગ-અલગ ૩૨ બ્રાન્ડનો ૨૬ લાખનો દારૂ પીસીબીને રેઢો મળી આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.આર. ગોંડલિયા, પીએસઆઈ પી.બી.ત્રાજિયા સહિતની ટીમે ઉપરોક્ત વિસ્તારમાં આવેલું મકાન કે જે ધર્મેશ સાવલિયાના નામનું છે ત્યાં દરોડો પાડીને તલાશી લેતાં શિવાસ રીગલ, જંગર માસ્ટર, દિવાર્સ, જેક ડેનીયલ, મંકી સોલ્ડર, એક્સ્ચુલેટ, વૂડનોટ, મહારામાણી માનેસર, જેમસન, જોની વોકર, ટીચર, રોયલ રણથંભોર સહિતની અલગ-અલગ ૩૨ બ્રાન્ડનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. મહત્તમ દારૂ ઉપર 'ફોર સેલ ઈન હરિયાણા' લખેલું હોવાથી આ દારૂ અન્ય પ્રાંતમાંથી રાજકોટ લાવવામાં આવ્યો હોવાની આશંકા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો પ્રમાણે આ દારૂ અભિષેક વિપુલભાઈ ઠાકર નામના શખ્સે મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે પરંતુ દરોડા વખતે તે હાજર મળી આવ્યો ન્હોતો. અભિષેક છેલ્લા ઘણા સમયથી વિસ્તારમાં 'માંગો એ બ્રાન્ડ હાજર' પ્રમાણે દારૂનો વેપલો કરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે ત્યારે તે પકડાયા બાદ આ દારૂ ક્યાંથી લાવ્યો તે વિગત સામે આવી શકશે. હાલ પોલીસે ૨૬.૬૮ લાખની ૭૮૦ દારૂની બોટલ કબજે કરી હતી.

જયપ્રકાશનગરમાં રહેતા રીક્ષા ચાલકનો આપઘાત

સવારે પત્નીને ચા બનાવવા મોકલી ફાંસો ખાઈ લીધો, ૩ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક

મુખ્ય સમાચાર, રાજકોટ

ભગવતીપરા મેઈન રોડ પર આવેલ જયપ્રકાશનગરમાં ૪૨ વર્ષીય રીક્ષા ચાલકે વહેલી સવારે પત્નીને ચા બનાવવા મોકલીને પાછળથી રૂમમાં ફાંસો ખાઈ લીધો હતો. ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, ભગવતીપરા મેઈન રોડ પર આવેલા જયપ્રકાશનગર શેરી નં ૧૫ માં રહેતા ૪૨ વર્ષીય પંકજ ભરતભાઈ ડાભીએ વહેલી સવારે ઘરે લોખંડના એન્ગલમાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. રૂમમાં પ્રવેશતા પતિને લટકતા જોઈને પત્નીએ દેકારો કરતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. જે બાદ પંકજભાઈને નીચે ઉતરી તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યો હતા. ઘટના અંગે જાણ થતાં બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકના ભાઈ પાસેથી જાણવા મળ્યા મુજબ, પંકજભાઈ રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા તેઓને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. વહેલી સવારે પંકજભાઈ પત્નીને ચા બનાવી લઈ આવાનું કહ્યું હતું જે બાદ પત્ની ચા બનાવવા જતા પાછળથી તેણે ગાળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાને લઈને પરિવારમાં ગમગીની છવાઈ ગઈ ત્યારે યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે.

શિવપરામાં ૧૩.૨૬૦ ગ્રામ મેફેડ્રોનના જથ્થા સાથે કુખ્યાત શખ્સ ઝડપાયો

માદક પદાર્થ, બે મોબાઈલ અને વજન કાંટો મળી ૧.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત

મુખ્ય સમાચાર, રાજકોટ

રૈયા રોડ ઉપર આવેલ શિવપરા શેરીમાંથી એસઓજીની ટીમે ૧૩.૨૬૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે કુખ્યાત શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે માદક પદાર્થ, બે મોબાઈલ, વજન કાંટો અને રોકડ મળી રૂા. ૧.૫૫.૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ શહેર પોલીસ કિમશનર બ્રજેશ કુમાર ઝા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ ભરત બસિયા દ્વારા યુવાધન નશાના રવાડે ન ચડે અને નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા સેય નો ટુ ડ્રગસ મિશન અંતર્ગત માદક પદાર્થોનું ખરીદ-વેચાણ કરતા અને સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવા સુચના આપી હતી. જે સુચનાને પગલે એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાની રાહબરી હેઠળ નાર્કોટિક્સ સેલની ટીમે રૈયા રોડ શિવપરા રહેતા ઈરફાન ઉર્ફે રોમિયો હનીફભાઈ ચાનિયાના રહેણાક મકાનમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ઈરફાન ઉર્ફે રોમિયો ચાનિયા રૂા. ૧,૩૨,૬૦૦ની કિંમતના ૧૩.૨૬૦ ગ્રામ માદક પદાર્થ સાથે ઝડપાયો હતો. પોલીસે મેફેડ્રોન ડ્રગ્સ, બે મોબાઈલ, રોકડ, વજન કાંટો અને આધારકાર્ડ મળી રૂ. ૧.૫૫.૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયેલો શખ્સ અગાઉ કુવાડવા અને માલવિયાનગર પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટ પોલીસનો સાયકલોથોન કાર્યક્રમ ફલોપ: ફરજિયાત હેલમેટ નડી ગઇ

સાયકલ રેલીમાં માત્ર ૩૫ જેટલા જ પોલીસ અધિકારીઓ અને જવાનો દેખાયા; નાગરિકો રહ્યા અળગા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેર પોલીસ દ્વારા હેલ્મેટ ફરજિયાત અને ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના સંદેશા સાથે આજે(૨૪ ઓગસ્ટ) સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે આશ્ચર્યની વાત એ હતી કે હેલ્મેટ ફરજિયાતનો સંદેશો આપતી આ સાયકલ રેલીમાં ખુદ પોલીસ અધિકારીઓ અને જવાનોએ હેલ્મેટ પહેર્યા વિના સાયકલ ચલાવી હતી.

રાજકોટ શહેર પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા આમંત્રણ કાર્ડમાં સ્પષ્ટ લખાયું હતું કે, સાયકલ ઓન સન્ડેમાં તમામ નાગરિકોને આમંત્રણ છે પરંતુ તેમાં હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. જોકે નીકળેલી સાયકલ રેલીમાં ખુદ એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા અને કાઈમ બ્રાન્ચના ડીસીપી અને ઈન્ચાર્જ ટ્રાફિક ડીસીપી જગદીશ બાંગરવાએ હેલ્મેટ પહેર્યા વિના સાયકલ ચલાવી હતી.

વરસાદને કારણે આ સાયકલ રેલીમાં માત્ર ૩૫ જેટલા પોલીસ અધિકારીઓ અને કર્મીઓ જોડાયા હતા રાજકોટ શહેર પોલીસ દ્વારા ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકો પોતાની ફિટનેસ બાબતે જાગૃત થાય તેના માટે પોલીસ હેડક્વાર્ટરથી સાયકલ રેલી નીકળી હતી. એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા દ્વારા આ સાયકલોથોનને લીલીઝંડી આપવામાં આવી હતી. આ રેલીમાં સાયકલ ક્લબના સભ્યોએ પણ ભાગ લીધો હતો. સાયકલ રેલી બાદ હાલ યોગા અને તે પછી બાસ્કેટબોલ મેચનું પણ આયોજન આવ્યું હતું.

પોલીસ હેડક્વાર્ટરથી સાયકલોથોનનો પ્રારંભ થયો હતો રાજકોટ શહેર પોલીસ દ્વારા આજે યોજાયેલી સાયકલોથોનનો પોલીસ હેડક્વાર્ટર ખાતેથી પ્રારંભથયો હતો. આ સમયે એડિશનલ પોલીસ કમિશનર બગડીયા, નવનિયુક્ત ડીસીપી ક્રાઈમ અને ટ્રાફિક ડીસીપીના ચાર્જમાં રહેલા જગદીશ બાંગરવા તેમજ અન્ય પોલીસ અધિકારીઓ અને જવાનો હાજર રહ્યા હતા અને સાયકલ ચલાવી હતી. આ રેલી પોલીસ હેડક્વાર્ટરથી પ્રસ્થાન થયા બાદ ગઈંઈ ચોક, કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત અને બહુમાળી ભવન ચોક થઈ પરત પોલીસ હેડક્વાર્ટર પહોંચી હતી. જોકે મહત્વની વાત એ છે કે આ સાયકલોથોનમાં હેલ્મેટ પહેરો સુરક્ષિત રહોનો સંદેશો આપવામાં આવ્યો હતો અને તમામ નાગરિકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ હેલ્મેટ પહેરવું ફરજિયાત છે તેવો આગ્રહ રખાયો હતો. જોકે નાગરિકો માટેનો આગ્રહ આમંત્રણ કાર્ડમાં જ સીમિત રહ્યો હતો, કારણકે એડિશનલ પોલીસ કમિશનર અને ક્રાઈમ બ્રાન્ચના ડીસીપીએ પોતે હેલ્મેટ વિના સાયકલ ચલાવી હતી. વરસતા વરસાદ વચ્ચે બંને અધિકારીઓએ સાયકલ જરૂર ચલાવી હતી પરંતુ હેલ્મેટ પહેર્યું ન હતું. આ રેલી દરમિયાન પણ માત્ર ૩૫ જેટલા જ પોલીસ અધિકારીઓ અને જવાનો હતા. એક પણ નાગરિક આ રેલીમાં જોડાયું ન હતું.

રાજકોટના હોડથલી ગામે યુવકનો ફાંસો ખાઈ આપઘાત

કુવાડવા નજીક બેભાન હાલતમાં મળેલા પ્રૌઢનું મોત: વાલી વારસની શોધખોળ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટની ભાગોળે આવેલા હોડથલી ગામે ખેતમજૂરી અર્થે આવેલા શ્રમિક યુવાને કોઈ અગમ્યકારણસર ઓરડીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના હોડથલી ગામે ખેતમજુરી અર્થે આવેલા પ્રવિણભેળા નામના ૧૯ વર્ષના યુવાને મિલનભાઈ રાદડિયાની વાડીએ આવેલી ઓરડીમાં કોઈ અગમ્યકારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ઘટના અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો. અને યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં રાજકોટ નજીક ચોટીલા હાઈવે ઉપર આવેલા સાતડા ગામના પાટિયા પાસે આશરે ૪૦થી ૪૫ વર્ષના પ્રૌઢ બેભાન હાલતમાં મળી આવતા તેમને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં અજાણ્યા પ્રૌઢનું મોત નિપજતા પોલીસે મૃતકના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે